શાંતિ મેળવવાની અનોખી ચાવી

પ્રાણીઓ તેમજ સામાન્ય મનુષ્યો પોતાની લાગણીને વશ હોય છે. એટલે કે જેવું અનુભવે છે, તેવું ભાષા કે પ્રતિક્રિયા દ્વારા વ્યક્ત કરે છે, પરંતુ મહાપુરુષો લાગણીને વશ હોતા નથી, પણ લાગણી એમને વશ હોય છે, કારણ કે તેમના હૃદયમાં રહેલા સિદ્ધાંતો તે લાગણીઓ પર અનેક ગણી સરસાઈ ભોગવતા હોય છે. તેથી જ આવા મહાપુરુષોની પ્રતિક્રિયા એ વિશ્વની ભાષા જ બની જતી હોય છે. અર્થાત્ વિશ્વને એમના જીવનમાંથી અનોખી પ્રેરણા મળતી હોય છે. એવા એક મહાપુરુષ એટલે દક્ષિણ આફ્રિકાના સર્વપ્રથમ આફ્રિકન પ્રમુખ નેલ્સન મંડેલા.

આફ્રિકન નેશનલ કોંગ્રેસના પ્રમુખ બન્યા બાદ દક્ષિણ આફ્રિકમાં રંગભેદનીતિ અને આફ્રિકન લોકોના અધિકાર માટેની લડત આપવા બદલ તેમને આજીવન કારાવાસની સજા ફરમાવવામાં આવી. અત્યંત પીડાસભર કારાવાસમાં ૨૭ વર્ષ તેમણે પસાર કર્યાં. તેઓ ક્યારેક ફરિયાદ કરે ત્યારે ગાર્ડ મારે અને ગાળો બોલે. એક વાર અડધી રાતે જગાડ્યા અને ભયંકર ઠંડીમાં કપડાં કઢાવીને માર્યા. કેટલીક વાર જેલર જમવાનું સામે ફેંકે અને જમે ત્યારે ઉપર પેશાબ કરે.

અરે, અધમતાની પરિસીમા તો ત્યારે જોવા મળે કે એમનાં માતુશ્રી અને પુત્રના અવસાન સમયે અંતિમવિધિ માટે પણ એમને જવા દીધા નહીં. જેલમાં હતા ત્યારે દક્ષિણ આફ્રિકાના તત્કાલીન પ્રધાનમંત્રીએ તેમને ફાંસી આપવાના ઘણા પ્રયત્નો કર્યા હતા. આમ, આવા તન-મનથી અત્યંત યાતનાસભર કારાવાસમાંથી ૨૭ વર્ષ બાદ કોઈ સામાન્ય માણસ છૂટે અને દેશનો રાષ્ટ્રપ્રમુખ બને, તો શું કરે, એ આપણે સૌ કલ્પી શકીએ એમ છીએ. પણ નેલ્સન લાગણીને વશ નહોતા, લાગણી એમને વશ હતી, કારણ કે તેમના હૃદયમાં સિદ્ધાંતનું સામ્રાજ્ય હતું.

એટલે કે જ્યારે જેલમાંથી છૂટ્યા, ત્યારે તેમને પુછાયું કે તમને કોઈના પ્રત્યે રાગદ્વેષ છે? ત્યારે એમણે જણાવ્યું કે, 'જો હું રાગદ્વેષ રાખું તો બહાર નીકળ્યા પછી પણ હું જેલમાં છું.' જે વડાપ્રધાને એમના પ્રત્યે અત્યંત ઘૃણા સેવી હતી, તેમના વિશે પૂછ્યું ત્યારે પણ તેમણે જણાવ્યું, 'તે ઘણા સારા માણસ છે.' એક વાર તો એક રેસ્ટોરાંમાં સામેના ટેબલે પેલો જેલર જ ભેગો થઈ ગયો કે જેણે ૧૮ વર્ષ સુધી એમને અસહ્ય યાતના આપી હતી. ત્યારે સુરક્ષાગાર્ડ સાથે રાષ્ટ્રપ્રમુખ મંડેલાને જોઈને એને તો પરસેવો જ વળી ગયો કે આ મને છોડશે નહીં. પણ મંડેલાએ એને બોલાવી ખૂબ પ્રેમથી સાથે ભોજન લીધું.

૨૭ વર્ષ બાદ કોઈ સામાન્ય માણસ છૂટે અને દેશનો રાષ્ટ્રપ્રમુખ બને, તો શું કરે? પણ નેલ્સન લાગણીને વશ નહોતા, લાગણી એમને વશ હતી, કારણ કે તેમના હૃદયમાં સિદ્ધાંતનું સામ્રાજ્ય હતું

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં પણ આવા સેંકડો પ્રસંગો બન્યા છે કે જેમાં તેમનું હાડોહાડ અપમાન કરનાર જ્યારે લાચાર બની એમની પાસે મદદ માટે આવ્યા હોય, ત્યારે એમણે ખૂબ જ ઉદારદિલે મદદનો હાથ લંબાવ્યો હોય. સામેની વ્યક્તિને લેશ પણ લાચારી અનુભવાવા ન દે અને પોતે પૂર્વે સહન કર્યું છે, એ પણ કળાવા ન દે. એક વાર એક ભક્તે કહ્યું કે આવા વિરોધીઓ સામે ભલે ડંખ નહીં, પણ ફૂંફાડો તો મારવો જોઈએ? ત્યારે પ્રમુખસ્વામી મહારાજે જણાવ્યું, 'ફૂંફાડો મારવામાં પણ મોઢું દુખે. એટલે આપણે કોઈની સામે બદલો લેવો નહીં, ઉલટું એનું ભલું થાય એમ કરવું.' એમની અજાતશત્રુતાની પરાકાષ્ઠા સમગ્ર વિશ્વે ત્યારે નિહાળી, જ્યારે ગાંધીનગર અક્ષરધામ મંદિર પર હુમલો કરીને અનેકને મૃત્યુને ઘાટ ઉતારનાર આતંકવાદીઓના ભલા માટે પણ એમણે પ્રાર્થના કરી.

'જેવા સાથે તેવા' કે 'ઈંટનો જવાબ પથ્થરથી' એ જીવપ્રાણીમાત્રની લાગણી છે, પણ આપણાં શાસ્ત્રો કહે છે કે કોઈ તમારું બગાડે તોય તેના પર ઉપકાર કરવો, એ સિદ્ધાંત છે. અને સિદ્ધાંત એને કહેવાય કે જે સનાતન સત્ય હોય. વિશ્વનો ઇતિહાસ આ સિદ્ધાંતની સત્યતાની ગવાહી પૂરે છે કે કોઈ દિવસ વેરથી વેર શમતું નથી. મહાપુરુષોનાં જીવનમાં માનવસહજ લાગણી આ સિદ્ધાંત આગળ કદાપિ ફરકી શકતી નથી. એટલે જ તેઓ સર્વમાન્ય બને છે, તેમની ભાષા વિશ્વની ભાષા અને તેમનું વર્તન વિશ્વ માટે પ્રેરણાનો સ્રોત બની રહે છે, ચાલો, આપણે પણ તેમના જીવનમાંથી પ્રેરણા લઈને લાગણી પર સિદ્ધાંતનો વિજય હાંસલ કરતાં શીખીએ.

sanskar@sandesh.com

Vitamin 'S' deficiency

Vitamin A ઓછું હોય તો રાત્રે દેખાવાનું બંધ થાય.

Vitamin B12 ઓછું હોય તો સ્નાયુઓ નબળા થઈ જાય.

Vitamin D ઓછું હોય તો હાડકાંમાં દુખાવો થાય, પરંતુ શું ક્યારેય Vitamin Sની ઊણપ સાંભળી છે? અન્ય વિટામિનના અભાવથી તો શારીરિક તકલીફ આવે પરંતુ Vitamin Sના અભાવથી માનસિક રોગો આવતા હોય છે. Vitamin S એટલે સહનશક્તિ. મોટાભાગે આપણા મનમાં જે સામો જવાબ ન આપી શકે, ડરપોક હોય, લાચાર હોય તે જ સહન કરે એવું છે, પરંતુ સહન કરવાથી આપણામાં શક્તિ પ્રગટે છે, એવી વાત જ આપણા શબ્દકોશમાં નથી.



'મીઠા મીઠા સબ કોઈ પીએ, કડવા ન પીએ કોઈ.' આપણી ઇચ્છા પ્રમાણે ન થાય તો આજની યુવાપેઢી થોડું પણ સહન કરવા માટે તૈયાર નથી

સહન ન કરવાથી આજે દુનિયામાં કેટલા પ્રશ્નો ઊભા થાય છે. સામાન્ય પરિસ્થિતિમાં ઉછેર લેતી બે દીકરી મેળામાં જઈને મોંઘું key-chain લેતી આવી. એટલે માતા-પિતા બંનેને ખીજાયાં કે, 'અત્યારે ભાઈ હોસ્પિટલમાં છે તો આ ખોટા ખર્ચની ક્યાં જરૂર હતી.' બીજા દિવસે ઘરે એક ચિઠ્ઠી રાખીને બંને ભાગી ગઈ. જેમાં લખ્યું હતું, 'જે ઘરમાં અમે અમારી મરજીથી એક કી-ચેઈન ન લઈ શકતા હોય તે ઘરમાં અમારે નથી રહેવું.' એક યુવતીને તેની માતાએ કપડાં ધોવાની વાત કરી, એટલામાં તે ગળે ફાંસો ખાઈને મરી ગઈ. નેપાળમાં રહેતા દીપેન્દ્રને તેનાં માતા-પિતાએ લગ્ન કરવાની ના પાડી, તો તેણે પોતાનાં માતા-પિતાની જ હત્યા કરી દીધી.

'મીઠા મીઠા સબ કોઈ પીએ, કડવા ન પીએ કોઈ.' આપણી ઈચ્છા પ્રમાણે ન થાય તો આજની યુવાપેઢી થોડું પણ સહન કરવા માટે તૈયાર નથી. આપણા જીવનમાં કદાચ આટલી મોટી ઘટના ન બને પરંતુ નાનીનાની બાબતોમાં પણ સહન ન કરવાથી આપણે ઘણું ગુમાવી બેસીએ છીએ. આજના જમાનામાં બુદ્ધિશક્તિ વધી છે પરંતુ તેની સામે સહનશક્તિનું પ્રમાણ ઘટતું ગયું છે. જમવામાં મોડું થાય, રોટલી ગરમ ન મળે, શાકનો રસો રોટલીને અડે, લાઈટ જાય, રેડ સિગ્નલ આવે, બાજુવાળો પંખો બંધ કરવાનું કહે, ટીવી બંધ કરવાનું કહે તો આપણે તત્ક્ષણ આકળા થઈ જઈએ છીએ.

+ વાઈબ્સ
ડો. જ્ઞાનવત્સલ સ્વામી

આપણાં પરિપ્રેક્ષ્યમાં મહાપુરુષોનાં જીવન સામે દૃષ્ટિ કરીએ તો તેઓ સહન કરતા જ રહ્યા છે. વાંક ન હોવા છતાં પણ હસતે મોઢે આવી પડેલાં દુઃખોને સ્વીકારી લીધાં છે. ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ જેલમાં થયો, બાળપણથી જ માતા-પિતાની મમતા મળી નહીં, મામા કંસનો અત્યાચાર સહન કરવો પડ્યો. આમાં તેમનો શું વાંક હતો? ભગવાન શ્રીરામને વનવાસ જવું પડ્યું, સીતાજીનો ત્યાગ, રાવણ સાથે યુદ્ધ. આમાં તેમનો શું વાંક? ભગવાન સ્વામિનારાયણને પણ વાંક વિના મારી નાખવાના અનેક પ્રયત્નો થયા, અપમાનો થયાં તેમ છતાં સહન કરતા ગયા. ભગવાન બુદ્ધને એક વ્યક્તિએ ખૂબ ગાળો આપી, પરંતુ તેઓએ લેશ પણ આક્રોશ વ્યક્ત ન કર્યો. મહારાષ્ટ્રના ભક્તકવિ સંત એકનાથ ગોદાવરીતટે ધ્યાન કરતા હતા ત્યારે એક વ્યક્તિ દ્વેષભાવથી તેમના ઉપર સો વખત થૂંક્યો, પરંતુ એક પણ વખત સંત એકનાથે તેમના ઉપર ક્લેશ ન કર્યો. BAPS સંસ્થાના આધ્યાત્મિક વડા પૂજ્ય મહંતસ્વામી મહારાજને અનેક શારીરિક દુઃખો આવ્યાં છે- ભયંકર અકસ્માત, પાઈલ્સ, બાયપાસ વગેરે, પરંતુ તેઓએ ક્યારેય પોતાનાં દુઃખ માટે શોક કર્યો નથી.

આપણે સહન તો કરીએ છીએ પરંતુ મનમાં સતત વેદના રહે છે કે મારે જ સહન કરવાનું? ક્યાં સુધી સહન કરવું? તેનો જવાબ છે, આપણે જ સહન કરવું પડશે, જિંદગીના છેલ્લા શ્વાસ સુધી, કારણ કે સહન કરવામાં જ શાંતિ છે. જેમ જિમમાં જવાથી તન મજબૂત બને, તેમ સહન કરવાથી મન મજબૂત બને છે, આપણું ઘડતર થાય છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં કેરી જમવી, ઠંડું પાણી પીવું, કોને ન ગમે? પરંતુ માટલાની ઠંડક અને કેરીની મીઠાશ તેણે સહન કરેલાં કષ્ટોને લીધે છે. પોતાનું અસ્તિત્વ ઓગળી જાય ત્યારે માટીમાંથી માટલું બને છે. રંગ બદલાઈ જાય ત્યાં સુધી કેરીને ગરમી સહન કરવી પડે છે.

'અમને નાખો જિંદગીની આગમાં, આગને પણ ફેરવીશું બાગમાં; સર કરીશું આખરે સૌ મોરચા, મોતને પણ આવવા દો લાગમાં...' તે બોલવાથી જેટલું સારું લાગે છે, તેનાથી વધારે તે કરવાથી વધારે સારું લાગે છે. મિત્રો, સહન કર્યા વિના ક્યારેય પણ પ્રતિષ્ઠા અને પ્રસિદ્ધિ મળતી નથી. ચાલો, આપણે પણ ઘર, પરિવાર, મિત્રવર્તુળમાં Vitamin Sની deficiency દૂર કરી સહન કરવા રૂપી શક્તિ પ્રાપ્ત કરીએ.

ભયંકર રોગ - સર્વોત્તમ ઔષધ

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

> **અહંકારનું અજ્ઞાન જ માણસના જીવનમાં પ્રશ્નોની પરંપરા સર્જે છે. જેથી ટેન્શન, હતાશા, નિરાશા અને ભય જેવી જીવલેણ પરિસ્થિતિ ઊભી થાય છે**

ભગવાને રચેલ આ સૃષ્ટિમાં બુદ્ધિબળને કારણે મનુષ્યને ભગવાનનું શ્રેષ્ઠ સર્જન કહેવામાં આવે છે. પરંતુ જ્યારે તે ભગવાનની કર્તૃત્વશક્તિને ભૂલે છે, અવગણે છે ત્યારે તેના અહંકારની પરિભાષા તેના વર્તન અને વાણીમાં પડઘાય છે. માણસ જ્યારે અહંકેન્દ્રી બને છે, ત્યારે ભગવાનના કર્તાપણાનું અનુસંધાન ચૂકી જાય છે.

ભક્તકવિ નરસિંહ મહેતા આ વાસ્તવિકતાને એક દ્રષ્ટાંત સાથે સમજાવતા લખે છે.'હું કરું, હું કરું, એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે'

જેમ ગાડા નીચે કોઈ શ્વાન (કૂતરું) ચાલ્યું જતું હોય તેને અહંકારથી એવો ભ્રમ થાય કે શકટનું (ગાડાનું) વહન કરનાર હું જ છું. તે મોટું અજ્ઞાન છે.

આ અહંકારનું અજ્ઞાન જ માણસના જીવનમાં પ્રશ્નોની પરંપરા સર્જે છે. જેથી ટેન્શન, હતાશા, નિરાશા અને ભય જેવી જીવલેણ પરિસ્થિતિ ઊભી થતા વાર નથી લાગતી. વિશ્વ પ્રસિદ્ધ કલાકારો પોતાની કારકિર્દી અને પ્રખ્યાતિના અહંકારથી સતત ભયમાં જીવતા હોય છે કે, 'Someone will surpass me' 'કોઈક મારાથી આગળ વધી જશે તો' ભગવાન જ સર્વકર્તા છે, સકલ સૃષ્ટિનાં સંચાલનકર્તા છે. આ સમજણ મહાનપુરુષોના જીવનમાં અખંડિત હોય છે. તેનું અવિરત અનુસંધાન જ તેઓની જીવનશૈલી છે.

ભારતના ભવ્ય સાંસ્કૃતિક વારસાને જેમણે મંદિરો, શાસ્ત્રો અને સંતોના નિર્માણ દ્વારા અકબંધ જાળવ્યો છે. દેશ-વિદેશમાં અનેક સત્સંગ કેન્દ્રો દ્વારા જેઓ સમાજમાં નૈતિક-અધ્યાત્મિક મૂલ્યોનું સિંચન કરતા રહ્યા છે.જેઓ અંગત સ્વજન બની અનેકવિધ રાહતકાર્યો દ્વારા સમાજસેવા માટે હંમેશા તત્પર રહ્યા છે. એવા પ્રમુખસ્વામી મહારાજના શિરે આટઆટલા કાર્યો અને તેના વહીવટની સઘળી જવાબદારી હોવા છતાં તેઓ સદા પ્રસન્ન અને પ્રફુલિત રહી શક્યા છે તેની પાછળ તેઓ એમ જ માને છે કે કોઈપણ કાર્ય ભગવાનની કર્તૃત્વશક્તિ અને પોતાના ગુરુના આશીર્વાદથી જ થાય છે. આ સમજણથી જ તેઓ હળવા રહી શક્યા હતા.

એકવાર પ્રમુખસ્વામી મહારાજ દિલ્હી ખાતે 'અક્ષરધામ' મંદિરના બાંધકામનું નિરીક્ષણ કરવા પધારેલા. ત્યાં બંસીપહાડપુર (રાજસ્થાન)ના ગંજાવર હજારો લાલ પથ્થરોને ખડકલો થયેલો હતો. જે હજુ નિર્માણકાર્યમાં વપરાવાનો બાકી હતો. મંદિરના નિર્માણકાર્યમાં જોડાયેલા કાર્યકર્તાઓના મનમાં સહેજે એક ભીતિ ઉત્પન્ન થયેલી કે આ કાર્ય ક્યારે પૂર્ણ થશે? તેઓએ પોતાની મૂંઝવણ પ્રમુખસ્વામી મહારાજને જણાવી ત્યારે ભગવાનની કર્તૃત્વશક્તિમાં અખંડ વિશ્વાસ ધરાવતો તેઓ હળવા રહીને બોલ્યા કે, 'અમારી છાતી પર તો એક કાંકરીનો પણ ભાર નથી.'

ઈ.સ. ૨૦૦૫માં જ્યારે 'અક્ષરધામ' મંદિરનું નિર્માણકાર્ય સંપન્ન થયું ત્યારે તેને નિહાળીને સામાન્ય વ્યક્તિથી લઈને વિશ્વભરના મહાનુભાવો-માંધાતાઓ પાંચ જ વર્ષમાં પૂર્ણ થયેલ આ વિરાટ કાર્યને જોઈ પ.પૂ પ્રમુખસ્વામી મહારાજની પ્રશંસા કરતી થાકતા નો'તા. જેના વિચારો અને કાર્યોને અનુસરનારાની ભરમાળ હજારો-લાખોની હોય તેવા નામાંકિત દિગ્ગજો પણ આ કાર્ય પ્રત્યે નતમસ્તક બનેલા.

વખાણના એક એકથી ચડિયાતા શબ્દોની હવાથી ફુલાયા વિના તદન સ્થિર રહેલા પ્રમુખસ્વામી મહારાજને આ સમયે એક સંતે પ્રશ્ન પૂછ્યો કે, 'આટલા વખાણ સાંભળી કોઈપણ છકી જાય, જ્યારે આપને કંઈ અસર જ નથી!' ત્યારે પ્રમુખસ્વામી મહારાજે સહજ જણાવ્યું, 'આપણાથી ક્યાં કશું થાય છે! જે થાય છે તે કરનારા ભગવાન છે. ગુરુ યોગીજી મહારાજના સંકલ્પે થાય છે.'

ઈ.સ. ૧૯૮૮ની વિદેશ ધર્મયાત્રા દરમિયાન અમેરિકાના હ્યુસ્ટન ખાતે એક સત્સંગીબંધુ પ્રવીણભાઈએ પૂછ્યું કે, 'આપની હાજરીમાં આપની આટલી પ્રશંસા થાય છતાં આપ અહંશૂન્ય કેવી રીતે રહી શકો છો?' પ્રમુખસ્વામી મહારાજે સાહજિક પ્રત્યુત્તર વાળ્યો, 'જે કંઈ થાય છે તે ભગવાનને કારણે થાય છે. આપણે કંઈ કરતા હોય તો માન આવે ને!'

'આવો વિચાર ક્યારે આવે?' પ્રવિણભાઈએ પૂછ્યું.

'આ વિચાર ક્યારેય ટળતો જ નથી.'- કેવળ ભગવાનની કર્તૃત્વશક્તિના અવિરત અનુસંધાન સાથેની પ્રમુખસ્વામી મહારાજના વ્યક્તિત્વની આ વાસ્તવિક જીવનભાવના હતી. ખરેખર, વાસ્તવિકરૂપમાં અહંકાર એક ભયંકર રોગ છે અને ભગવાન જ બધુ કરે છે. તેમની મરજીથી જ બધુ થાય છે તે આ રોગને ટાળવાનું સર્વોત્તમ ઔષધ. આવો, મહાપુરુષોના પગલે પગલે ભગવાનને જ સર્વકર્તા જાણી, ઉદ્વેગ રહિત થઈ હળવાફૂલ બની જીવતા શીખીએ અને જીવન માર્ગ પર ઊર્ધ્વગમન કરીએ.

પૈસાથી ખરીદી ન શકાય...

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

ભારતીય તત્ત્વચિંતક અને લેખક શ્રી રવીન્દ્રનાથ ટાગોરે કહ્યું છે કે, 'One man's purity can save the world'

એક વખત ઈંગ્લેન્ડના રાજા જેઈમ્સનો ખજાનો ખૂટવા લાગ્યો. આથી, તેણે પોતાનો ધનભંડાર વધારવા એક કીમિયો અજમાવ્યો. તેણે લોકો પાસેથી પૈસા લઈ તેઓને ખિતાબો, એવોર્ડો, પ્રમાણપત્રો, અને ડિગ્રીઓ આપવી શરૂ કરી. તે જાણતા હતા કે માત્ર પ્રમાણપત્ર મેળવીને કોઈ વ્યક્તિ મહાન નથી બની શકતી. તેણે મૂર્ખાઓના તુચ્છ અહંકારને આ રીતે પોષી પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવો શરૂ કર્યો. અને નગરના મૂર્ખાઓ પણ પોતાના નામની આગળ-પાછળ આવાં લટકણિયાં લગાવવા ધન આપવા લાગ્યા. એવામાં એક ધનિક પ્રખ્યાત લુચ્ચા વેપારીએ રાજા જેઈમ્સને કહ્યું કે, 'મહારાજ! હું ધન આપવા તૈયાર છું. પણ એના બદલામાં મને સજ્જન માણસની ડિગ્રી-પ્રમાણપત્ર આપો.' જેઈમ્સે જણાવ્યું, 'હું લોર્ડ, ડ્યુક, પ્રોફેસર, તત્વજ્ઞાની જેવી ડિગ્રીઓ આપી શકું, પણ સજ્જનની ડીગ્રી આપી ન શકું. કારણકે સજ્જનતા તો સંસ્કારથી આવે છે, પૈસાથી ખરીદી ન શકાય.'

ખરેખર, સજ્જનતા પૈસા, સત્તા કે પ્રસિદ્ધિથી નથી પમાતી. સજ્જનતાનું પ્રમાણપત્ર મેળવવા માટે તો ચારિત્ર્યયુક્ત જીવન જીવવું પડે.

આજે ડોક્ટર એ.પી.જે. અબ્દુલ કલામને લોકો ચાહે છે તેઓના નિષ્કલંક અને પ્રામાણિક જીવનના લીધે, નેલ્શન મંડેલાને લોકો યાદ કરે છે તેઓની સહનશક્તિ અને ઉદારદીલીના લીધે, સરદાર પટેલને સૌ સ્મરે છે તેઓની ખંત અને કર્મઠતા ભરી કાર્યપદ્ધતિના લીધે, શિવાજીને સમાજ યાદ કરે છે તેઓનાં શૂરવીરતા અને ચારિત્ર્યયુકત જીવનના લીધે.

અંગ્રેજી કવિ એલેકઝાન્ડર પોપે કહ્યું છે કે, 'Charms strike the sight, but merit wins the soul.' અર્થાત્ 'બાહ્ય કૌશલ્ય આંખો આંજી શકે પણ અન્યના હૃદયને જીતવાનું ગજું તો સદ્ગુણોમાં જ છે.' ટૂંકમાં, બાહ્ય વૈભવ કેળવવા કરતાં આંતરવૈભવ ખીલવવા માટે વધારે મહેનત કરવી પડે. કારણકે લોકો હંમેશાં તેને જ યાદ કરે છે કે જે સજ્જન અને સદ્ગુણી હોય.

તા.૧-૨-૧૯૮૪ના દિવસે અમદાવાદના શતાયુના આરે પહોંચેલા મુક લોકસેવક શ્રી રવિશંકર મહારાજ વિશે તૈયાર થયેલા દળદાર પુસ્તક 'જેણે જીવી જાણ્યું'નો ઉદ્ઘાટન સમારોહ હતો. પુસ્તકના લેખક હતા જ્ઞાનપીઠ એવોર્ડ-વિજેતા અને ૧૦૦થી વધુ પુસ્તકો લખનાર મૂર્ધન્ય લેખક-શ્રી પન્નાલાલભાઈ પટેલ. તેઓએ આજના અવસરે જણાવ્યું કે, 'રવિશંકર મહારાજને મેં પૂર્ણ માનવ તરીકે જોયા છે. મેં ૧૦૦ જેટલાં પુસ્તકો લખીને મિત્રો અને સાહિત્યકારોને અર્પણ કર્યા છે. પરંતુ આ પુસ્તક કોને અર્પણ કરવું તે પ્રશ્ન મને મૂંઝવતો હતો. કારણકે આ પુસ્તકનો ભાર ઝીલે, એવો નિષ્કલંક પુરુષ કોણ? પણ તામિલનાડુના પૂર્વ રાજ્યપાલ શ્રી પ્રભુદાસભાઈ પટવારીએ મને સૂચન કર્યું કે, 'આ પુસ્તક પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને અર્પણ કરો' અને આજે આ પુસ્તક તેઓને અર્પણ કરું છું. આ પુસ્તકના અર્પણ પાના પર મેં છાપ્યું છે,

'શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થાના પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને...

આપ છો જાણે ભવાટવિમાં ભૂલા પડેલા ભક્તો માટે દીવાદાંડી સમાન,

તો વળી રવિ દાદા સદા દાસ દીન-દુખિયાની હોળી સમા,

આપને અર્પી દાદાના ગુણની ગાથા ભગવાન હું ચાહું ધન્ય થાવા.'

હા, જેમ દીવાદાંડીનો પ્રકાશ ભટકેલાને સાચે માર્ગે ચડાવે છે તેમ પ્રમુખસ્વામી મહારાજના સદગુણોના પ્રકાશે દુર્ગુણોથી ખરડાયેલા, જીવનના સત્યમાર્ગથી ખોવાયેલા અનેકને ઉગાર્યા છે.

હા, આવા મહાપુરુષોની કક્ષાએ પહોંચવા પવિત્ર જીવન ઘણા લાંબા સમય સુધી જીવવું પડે, ધીરજ રાખવી પડે. આ કાંઈ એક દિવસનો ખેલ નથી પણ લાંબા સમયની તપશ્ચર્યા છે. વળી, તેઓ હંમેશાં કહેતાં કે, 'ચારિત્ર્યવાન બનો અને ચારિત્ર્યવાન સમાજ તૈયાર કરો.' જે સ્વયં ચારિત્ર્યવાન હોય, જે સ્વયં સજ્જન હોય તે જ બીજાને ચારિત્ર્યવાન અને સજ્જન બનવાની પ્રેરણા આપી શકે.

ભારતીય તત્વચિંતક અને લેખક શ્રી રવીન્દ્રનાથ ટાગોરે કહ્યું છે કે, 'One man's purity can save the world' અર્થાત 'એક માણસની પવિત્રતા દુનિયાને ઉગારી શકે.' જેમ સરોવરમાં નાંખેલો કંકર પોતાનાં કદ અને ગતિ પ્રમાણે સરોવરમાં આંદોલનો ઊભા કરે છે, તેમ પવિત્ર માણસ સમાજમાં પવિત્રતાના આંદોલનો ઊભા કરી અનેકને પવિત્ર જીવન જીવવાની પ્રેરણા આપી શકે છે.

આવો, મહાપુરુષોના જીવનમાંથી પ્રેરણા પામીને આપણે પણ પવિત્ર અને શુદ્ધ જીવન જીવવાની શીખ પામીએ. કારણકે, કહેવાયું છે કે, 'God makes man. we make gentlemen.' કહેતાં 'ભગવાન આપણને (માણસને) બનાવે છે પણ સંસ્કારી માણસ બનવું આપણા પોતાના હાથમાં હોય છે.'

સ્વયંમાં 'સજ્જનતા' 'માનવતા'નો સૂર્યોદય



'માનવતા' કે 'સજ્જનતા'નું પહેલું લક્ષણ એ જ કે તે વ્યક્તિમાં વિનમ્રતા જન્મે, તેને વ્યક્તિ-વ્યક્તિ પ્રત્યે ઘૃણા તો લેશમાત્ર ન જ હોય

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

વાત છે ભગવાન શ્રીરામની જ્યારે વનયાત્રા દરમિયાન તેઓ ગંગાકિનારે શૃંગવેરપુરના નિષાદરાજ 'ગુહ'ને મળ્યા હતા. ગુહે ફળ, ફૂલ, કંદની ભેટ ધરી ભગવાન શ્રીરામને દંડવત્ પ્રણામ કર્યાં. તેના પ્રેમને નીરખતાં ભગવાને ગુહને પોતાની પાસે બેસાડી તેના ક્ષેમકુશળ પૂછ્યા. ત્યારબાદ ગુહે જ્યારે પોતાના નગરમાં પધારીને સેવાનો લાભ આપવા ભગવાન શ્રીરામને વિનંતી કરી ત્યારે પ્રભુ શ્રીરામે પ્રેમસભર પ્રત્યુત્તર આપ્યોઃ 'મિત્ર! તારો પ્રેમ અદભુત છે. પણ પિતાની આજ્ઞાથી મારે હમણાં વનમાં જ નિવાસ કરવાનો હોવાથી, તારા નગરમાં નહીં આવી શકું.'

ભગવાન શ્રીરામે વનવાસી ગુહને પોતાના મિત્ર કહ્યા! પોતાની નજીક બેસાડ્યા! આ જોઈ સૌ કોઈ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. વિવેચકો કહે છે કે રામરાજ્યનો પ્રારંભ અહીંથી જ થઈ ગયો હતો; જ્યાં રાજા અને પ્રજા પરસ્પરના મિત્ર બની રહે. જ્યાં રાજા નાની વ્યક્તિને પણ પોતાની સમીપે બેસાડે, તેના ખબરઅંતર પૂછે અને તેને પ્રેમ કરે તે જ રામરાજ્ય.

ભગવાનને મન કોઈ નાનું નથી અને કોઈ મોટું નથી. સૌને તેઓ સમાનભાવે પ્રેમ આપે છે. એ જ રીતે ભગવાનના ધારક સંતોની પણ આ જ પ્રકૃતિ હોય છે.

સામાન્ય રીતે મોટા ભાગના લોકો પોતામાં 'માનવતા' કે 'સજ્જનતા' અપનાવવાનો સુપ્રયત્ન કરતા રહેતા હોય છે; તેને પામવા માટે વિવિધ પ્રેરણાસ્રોતનો આશરો લેતા હોય છે. પણ આ માનવતા, સજ્જનતા, જ્યાંથી આવે છે, એવા ભગવાન અને સંત જ્યારે આ પૃથ્વી ઉપર આપણા જેવા માનવ થઈને પધારે છે ત્યારે તેઓનું વર્તન જ આપણને એ માનવતા કે સજ્જનતા શીખવી જતું હોય છે.

તારીખ ૩૧-૩-૨૦૦૧ના રોજ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ મોડાસા ગામે બિરાજમાન હતા. તેઓના સાંનિધ્યમાં જાહેર સત્સંગસભા યોજાયેલી. આ પ્રસંગે પોશીના વિસ્તારમાં રહેતા આદિવાસી ભક્તો પણ પ્રમુખસ્વામી મહારાજનો લાભ લેવા દોડી આવેલા. તે જોઈ પ્રમુખસ્વામી મહારાજને તેઓને મળવાની ઈચ્છા થઈ આવી, પરંતુ પૂર્વ આયોજિત જાહેરસભા નિશ્ચિત હતી. સ્વામીશ્રીએ વ્યવસ્થાપક સંતને કહ્યું, 'આદિવાસી ભાઈઓની અલગ સભા આપણા ઉતારાની સામે કરાવો. ત્યાં એક સંતને કથા કરવા મોકલો. આ સભા પછી હું ત્યાં આવું છું. મારે સૌ આદિવાસી ભાઈઓને ખાસ મળવું છે.'

જાહેરસભામાં શહેરવાસીઓને પ્રસન્ન કરી પ્રમુખસ્વામી મહારાજ તરત જ આદિવાસીઓની સભામાં પધાર્યા. આ સભામાં ધર્મ-નિયમસંબંધી બળપ્રેરક વાતોને અંતે તેઓશ્રીએ પોતાની ભાવના વ્યક્ત કરીઃ 'મારે ખાસ આપને મળવું હતું એટલે આ સભા ગોઠવી છે. મોટી (જાહેર) સભામાં તમને મળાય તેમ નહોતું. અહીં આપને નજીકથી મળાય, વાત થાય. આજે તમે આવ્યા છો તો સહેજે મળી શકાયને!? આદિવાસી એટલે 'આદિ' એવા ભગવાનની સમીપમાં રહેનારા તમે કહેવાઓ....' પ્રમુખસ્વામી મહારાજ જેવા મહાન સંતની આ ભાવના સૌ વનવાસીઓનાં હૈયાંને હલાવી ગઈ, તે આદિવાસીઓની આંખે હર્ષાશ્રુઓનાં તોરણો બંધાઈ ગયાં.

એટલામાં તો પ્રમુખસ્વામી મહારાજ બોલ્યા, 'હવે વારાફરતી નજીક દર્શને આવો.' એટલું કહી સ્થાનિક સંતને કહ્યું, 'મને એક-એકનો પરિચય કરાવતા જજો.' એક પછી બસોથી વધુ આદિવાસીઓને વ્યક્તિગત મળીને પ્રમુખસ્વામી મહારાજે તેઓનો પરિચય મેળવ્યો, માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા અને સૌને પ્રસાદ પણ અપાવ્યો. આદિવાસીભાઈઓ તેઓ સુધી પહોંચી શકે કે ન શકે, પણ પ્રમુખસ્વામી મહારાજ તે આદિવાસી ભાઈઓ સુધી પહોંચી ગયા!

'માનવતા' કે 'સજ્જનતા'નું પહેલું લક્ષણ એ જ કે તે વ્યક્તિમાં વિનમ્રતા જન્મે, તેને વ્યક્તિ-વ્યક્તિ પ્રત્યે ઘૃણા તો લેશમાત્ર ન જ હોય, ઉપરથી તેને સૌમાં ભગવાનનાં દર્શન થતાં હોય. ભગવાન અને સંતના જીવન દ્વારા થયેલું નમ્રતા અને સૌ પ્રત્યેનાં પ્રેમનું આ 'પ્રમુખ દર્શન' જો આપણા જીવનમાં વણાઈ જાય તો વગર લાવી સજ્જનતા અને માનવતા આપણામાં નિવાસ કરીને રહે! આપણા ઘરમાં, આડોસ-પડોસમાં, ઓફિસ-દુકાનમાં કે સમાજમાં....વ્યક્તિ ભલે પદ-હોદ્દાની દૃષ્ટિએ નાની હોય, પણ આપણા તરફથી તેને અપાયેલો આદર સામેની વ્યક્તિમાં આત્મવિશ્વાસનો અને આપણામાં નમ્રતા-સજ્જનતાનો કેટલો બધો ગુણાકાર કરી આપે! ચાલો, આપણે સૌનો આદર કરીને, સૌમાં ભગવાનને જોઈને, ભગવાન અને સંતના માર્ગે ચાલીને, સ્વયંમાં જ 'સજ્જનતા' અને 'માનવતા'નો સૂર્યોદય પ્રગટાવીએ...

આપણે તો બ્લેકહોલમાં નથીને ?

ઈ.સ. ૧૯૨૬ની સાલમાં વલ્લભભાઈ પટેલ તત્કાલીન અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ હતા. તે સમયે નવા કાયદા મુજબ મેનેજિંગ કમિટીના સ્થાને વધુ સત્તાવાળી સ્ટેન્ડિંગ કમિટીની રચના કરવાનું નક્કી થયું. જે નિમિત્તેની સભામાં વલ્લભભાઈને ચૂંટી કાઢવાની દરખાસ્ત થઈ, પરંતુ કેટલાક સભ્યોએ દલપતરામ શાહને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે નિયુક્ત કરવાનો આગ્રહ સેવ્યો. આથી ચૂંટણી દ્વારા ચેરમેન ચૂંટવાનું નક્કી થયું. મિટિંગમાં હાજર રહેલા ૫૩ કાઉન્સિલરોએ મતદાન કર્યું. ત્યારબાદ પ્રમુખ વલ્લભભાઈને એનો રિપોર્ટ અપાયો. ૫૩ મતમાંથી એક મત રદ થયો હતો. જ્યારે બાકીના મતોમાંથી બંને ઉમેદવારોને ૨૬-૨૬ મત મળ્યા હતા.

કાયદાકીય જોગવાઈ અને નિયમાનુસાર પ્રમુખને પોતાના હોદ્દાની રૂએ વધારાનો 'કાસ્ટિંગ વોટ' આપવાનો વિશિષ્ટ અધિકાર હોય છે. આથી વલ્લભભાઈએ જાહેર કર્યું કે, 'બંને ઉમેદવારોને એકસરખા મત મળે છે. એટલે મારો 'કાસ્ટિંગ વોટ' હું મિત્ર દલપતરામ શાહને આપું છું અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે ચૂંટાયેલા જાહેર કરું છું.' સૌ સરદારની ઉદારતા ઉપર વારી ગયા. સરદાર પ્રતિસ્પર્ધીને આગળ કરીને સ્પર્ધા જીતી ગયા.

આજના સ્પર્ધાત્મક યુગમાં વ્યક્તિના ભાવ, લાગણી, પ્રેમ, ઉદારતા, સહાયતા આદિ કંઈક અંશે સ્વાર્થ તરફ ઢળતાં હોય છે. જેના કારણે વ્યક્તિ સતત ચિંતામાં રહે છે કે, મારા કરતાં કોઈ આગળ તો નહીં નીકળી જાયને!

આજના સ્પર્ધાત્મક યુગમાં વ્યક્તિના ભાવ, લાગણી, પ્રેમ, ઉદારતા, સહાયતા આદિ કંઈક અંશે સ્વાર્થ તરફ ઢળતાં હોય છે. જેના કારણે વ્યક્તિ સતત ચિંતામાં રહે છે કે, મારા કરતાં કોઈ આગળ તો નહીં નીકળી જાયને! આ જ વિચારસરણીના કારણે આજનો માનવ હતાશા, નિરાશા, પારિવારિક વિખવાદ, વ્યસન તરફ અગ્રસર થતો જાય છે, પરંતુ મહાપુરુષો આપણને શીખવે છે કે જ્યારે આપણે બીજાને આગળ કરીને આગળ આવીએ છીએ ત્યારે જીવનમાં અને અંતરમાં શાંતિની અનુભૂતિ થાય છે અને સામેવાળાના અંતરમાં કાયમનું સ્થાન મળે છે.

+ વાઈબ્સ
ડો. જ્ઞાનવત્સલ સ્વામી

સ્પર્નીધાની વાત કરીએ અને વાસ્તવિક જીવનમાં જોઈએ તો સ્પર્ધા એવી વસ્તુ છે કે એનો ક્યારેય અંત આવતો નથી. એ એવું દલદલ છે કે જેમાં તમે વધુ ને વધુ ખૂંપતા જાવ. જેનું પરિણામ હંમેશાં એક જ હોય છે - દુઃખ. તમે કોઈ સાથે સ્પર્ધામાં ઉતરો ત્યારે તમારા આંતરિક શાંતિ હણાઈ જતી હોય છે. સ્પર્ધાના કારણે તમે ઈર્ષાળુ પણ બની જાવ છો, બીજા માટે રાગ અને દ્વેશ આ કારણે જ તમારી અંદર ઉત્પન્ન થતો હોય છે. એટલે જ પ્રમુખ સ્વામી કહે છે કે સ્પર્ધા તમને ક્ષીણ કરવા સિવાય બીજું કશું નથી કરતી. એટલે જ સ્વામીજીએ અનેકવાર સ્પર્ધામાં ઉતરવાની અનેક લોકોને ના કહી છે. એક ખૂબ જ પ્રસિદ્ધ રોકસ્ટારે એક સામયિક સાથેના ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે, 'I am constantly afraid that Someone will surpass me.' પ્રસિદ્ધિની ટોચ પર પહોંચ્યા પછી પણ અંતે અંતરમાં આવો જ ખાલીપો અનુભવાતો હોય તો એ પ્રસિદ્ધિ શા કામની? એની સામે ઉપરોક્ત મહાપુરુષો બીજાને આગળ કરીને સ્પર્ધાની ચિંતાથી મુક્ત બની ગયા.

હા, સાથે સાથે એક વસ્તુ પણ ધ્યાનમાં રાખવી પડે કે આપણે પ્રમાદી થઈને બેસી રહેવાનું નથી પણ ધ્યેય સુધી પહોંચવા સતત પ્રયત્નશીલ રહેવાનું છે. અનુસંધાન કેવળ એટલું જ રાખવાનું છે કે સ્પર્ધાના બ્લેક હોલમાં અટવાઈ ન જઈએ.

sanskar@sandesh.com

અન્યનો યશકળશ અન્યના શિરે

+ વાઈબ્સ
ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી

અંગ્રેજીમાં કહેવાયું છે કે, 'An intitution is the lengthened shadow of one man.' આપણી વિચારસરણી આપની નીચેના લોકો અવશ્ય અનુસરે છે

૧૯૧૮ના ખેડા સત્યાગ્રહમાં વલ્લભભાઈ પટેલે અભૂતપૂર્વ કામ કર્યું હતું. જીવનના આ પહેલા સત્યાગ્રહમાં વલ્લભભાઈએ જ્વલંત સફળતા મેળવી હતી. આ સત્યાગ્રહની પૂર્ણાહુતિ માટે તા.૨૯મી જૂન, ૧૯૧૮ના રોજ ગાંધીજીએ નડિયાદમાં એક મોટી જાહેરસભાનું આયોજન કર્યું હતું.

આ જાહેરસભામાં ગાંધીજીએ કહ્યું, 'મારે કબૂલ કરવું જોઈએ કે હું વલ્લભભાઈને પ્રથમ વખત મળ્યો ત્યારે મને એમ થયેલું કે, આ માણસ મને શું કામમાં લાગશે? પણ હું જેમ જેમ એમના સંપર્કમાં આવ્યો એમ એમ મને લાગ્યું કે મારે મારાં આગળનાં કામો કરવા માટે આ માણસ જ અગત્યના છે. જો મને વલ્લભભાઈ ન મળ્યા હોત તો આજે જે કામ થયું છે તે ન થાત.'

ગાંધીજી કોઈના વિશે બે શબ્દો બોલતા પહેલાં સત્તર વખત વિચાર કરે પણ વલ્લભભાઈ માટે આજે એમના હૃદયમાંથી અસ્ખલિત વાણી વહી રહી હતી. ગાંધીજીના મુખેથી પોતાનાં વખાણ સાંભળ્યા પછી ભલભલા માણસને પોતાની જાત પર થોડું અભિમાન આવી જાય પણ વલ્લભભાઈએ સન્માનના પ્રતિભાવમાં જે વાત કરી એ તેમના નિરાભિમાની વ્યક્તિત્વની સાબિતી આપે છે.

વલ્લભભાઈએ કહ્યું કે, 'હિંદુસ્તાનમાં દેવતાઓ અને મહાત્માઓનો રિવાજ છે કે, પોતાને અપાયેલી પ્રસાદી તેઓ લેતા નથી પરંતુ પોતાના પૂજારીઓને આપી દે છે. એવી જ રીતે આજે મહાત્માજીએ બધું મને અર્પણ કર્યું પણ હકીકતમાં મેં કશું જ કર્યું નથી. આજે અમને જે કંઈ સફળતા મળી છે એ ખેડા જિલ્લાની પ્રજાએ દાખવેલી હિંમત અને સહનશક્તિને કારણે છે. માટે જે સન્માન મળ્યું છે એ હું ખેડા જિલ્લાની પ્રજાને અર્પણ કરું છું.'

આપણને કોઈ કાર્યમાં નાની એવી સફળતા મળે તો પણ આપણે છકી જઈએ છીએ. સફળતાનું ગૌરવ જરૂર લેવું જોઈએ પણ એ ગૌરવ અભિમાનમાં બદલાઈ ન જાય એની ખેવના અવશ્ય રાખવી જોઈએ. જ્યારે સન્માન થાય ત્યારે જેના કારણે સન્માન મળ્યું હોય એવા સૌ સહયોગીઓને ભૂલી ન જવા અને એને પણ સન્માનનો થોડો ભાગ આપવો એ સાચી સજ્જનતા છે. જ્યારે આવી વિચારસરણી સંસ્થાનની પ્રત્યેક વ્યક્તિના મનમાં દૃઢ હોય ત્યારે કલ્પનાતીત પ્રગતિ થઈ શકે છે.

તા.૧૪/૧૧/૧૯૯૨ના રોજ શ્રી એલ.કે. અડવાણી પ્રમુખસ્વામી મહારાજ દ્વારા નિર્મિત ગાંધીનગરસ્થિત અક્ષરધામની મુલાકાતે પધાર્યા હતા. અક્ષરધામની પ્રદર્શનસૃષ્ટિથી અભિભૂત થયેલા તેઓએ પ્રદર્શન જોતાં જોતાં જ સ્વયંસેવકોને પૂછ્યું કે, 'યહ પ્રદર્શની સુંદર હૈ। કિસને બનાઈ?'

સ્વયંસેવકોએ કહ્યું કે, 'સંતોં ને।'

સ્વયંસેવકો તરફથી આ જવાબ મળ્યાની થોડી વારમાં શ્રી અડવાણીને પ્રદર્શન વિભાગના કાર્યવાહક સંતોનો ભેટો થઈ જતાં તેઓએ સંતો સમક્ષ કુતૂહલ પ્રગટ કર્યું કે, 'પ્રદર્શની કે ઈતને સુંદર વિચાર આપને કહાં સે લિયે? યે કિસ કી કલ્પના હૈ?'

સંતોએ જવાબ વાળ્યો કે, 'હમસે કુછ નહિ હોતા। યહ સબ પ્રમુખસ્વામી મહારાજ કી પ્રેરણા સે હુઆ હૈ।'

સંતોનો આ ઉત્તર સાંભળી પ્રમુખસ્વામી મહારાજ પાસે પહોંચેલા શ્રી અડવાણીએ અહીં પ્રાસંગિક વાર્તાલાપમાં સ્વામીશ્રીને જ પૂછ્યું કે, 'આપને તો કમાલ કર દિયા। વિશ્વ કે અલગ અલગ ભાગ મેં કઈ પ્રદર્શની દેખી, મગર આજ જો દેખા વહ વાસ્તવ મેં અદ્ભુત હૈ!'

સ્વામીશ્રીએ કહ્યું કે, 'હમારે ગુરુ યોગીજી મહારાજ કી ઈચ્છા થી। પ્રયત્ન કિયા હૈ ઔર ભગવાન કી કૃપા સે લોગોં કો પ્રેરણા મિલતી હૈ।'

'વહ તો ઠીક હૈ। પ્રેરણા સ્વામિનારાયણજી કી, લેકિન મલ્ટિ મીડિયા તો સ્વામિનારાયણજી કી બાત નહીં હૈ।'

'ભગવાન કે મસ્તિષ્ક મેં સબ બાત હોતી હૈ! બ્રહ્માંડ કી બાત ઉનકે પાસ.'

સ્વામીશ્રીનો આ ખુલાસો સાંભળી શ્રી અડવાણીએ જણાવ્યું: 'યહ ભી સંપ્રદાય કી વિશેષતા હૈ કિ ઈતના સુંદર કાર્ય હુઆ હૈ પર ઈસકા યશ લેને કે લિયે કોઈ તૈયાર નહિ હૈ!'

અંગ્રેજીમાં કહેવાયું છે કે, 'An intitution is the lengthened shadow of one man.' આપણી વિચારસરણી આપની નીચેના લોકો અવશ્ય અનુસરે છે. પ્રમુખસ્વામી મહારાજની સન્માન નિરપેક્ષતા તેઓના અનુયાયીઓ સુધી પહોંચી છે.

પ્રમુખસ્વામી મહારાજ ક્યારેય પણ પોતાને મળતો યશકળશ પોતાના શિરે ચઢવા ન દેતા. આવી શૈલી ધરાવનાર વ્યક્તિ સ્વાભાવિક રીતે જ લોકોનો આદર પામે છે.

ઘરની કે સંસ્થાની પ્રત્યેક વ્યક્તિ પણ આ શૈલીને અનુસરે તો ઘરમાં કે સંસ્થાનમાં કેટલો સંપ રહે? ખરેખર, બીજાને આગળ કરનાર વ્યક્તિ પાછળ રહી ગઈ હોય, એવું અત્યાર સુધીમાં ક્યારેય નોંધાયું નથી. સંસ્થા સમાજે એને પૂરતું વળતર આપ્યું જ છે.

સમય પાકી ગયો છે

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

અમેરિકાના નામાંકિત ન્યૂરો સર્જન ડૉ.બેન કાર્સનની વાત છે. તેઓ નાના હતા ત્યારે ખૂબ તોફાની અને ઝનૂની સ્વભાવના હતા. એક વાર પોતાના મિત્ર સાથે ઝઘડો થતાં તેઓએ પોતાના મિત્રને જ ચપ્પુ મારી દીધું. સદભાગ્યે મિત્ર બચી તો ગયો પણ આ વાતની જાણ થતાં કાર્સનની માતાને આંચકો લાગ્યો. તેઓએ પોતાના દીકરાને સુધારવાનો વિચાર કર્યો. પતિ પાસેથી છૂટાછેડા પામેલા તેઓ ૧૬ કલાક નોકરી કરીને ઘરનું ગુજરાન ચલાવતાં. આવી પરિસ્થિતિમાં શું કરવું? પણ તેઓએ એક રસ્તો શોધી કાઢ્યો. તેઓએ સારાં પુસ્તકો ઘરમાં વસાવ્યાં. તેઓએ કાર્સનને કહ્યું કે, 'તારે દરેક પુસ્તક વાંચીને એમાંથી મને બધા જ પ્રસંગો કહેવાના, મેં આ બધાં જ પુસ્તકો વાંચેલાં છે.' (જોકે, માતાએ કોઈ પુસ્તકો વાંચ્યાં નહોતાં તેની જાણ કાર્સનને પછીથી થઈ હતી) કાર્સન દરરોજ સારાં પુસ્તકો વાંચે અને તેનો સાર માતાને કહે. સારા વાંચનથી તેઓમાં ધીમેધીમે પરિવર્તન આવવા લાગ્યું અને ભણવામાં પણ રસ કેળવાવા લાગ્યો. આ વાંચનને લીધે તેઓને ડૉક્ટર થવાનો સંકલ્પ જાગ્યો અને સમય જતા તેઓ અમેરિકાના શ્રેષ્ઠ ન્યૂરો સર્જન બન્યા.



આજે આપણે સંતાનોના સંસ્કારોના ધોવાણથી વ્યથિત થઈએ છીએ. આપણે બાળકોની ગેરવર્તણૂકથી ગ્લાનિ પામીએ છીએ પણ શું કામ આપણે એની સામે જાગ્રત ન થઈએ?

આગળ વધતા પહેલાં અન્ય એક પ્રસંગ પણ જાણી લઈએ. ઘણાં વર્ષો પહેલાં ચંબલનો ખૂંખાર ડાકુ સોહનસિંહ સરકારના શરણે આવ્યો હતો. જ્યારે ૩૭ વર્ષની ઉંમરે તેણે શરણાગતિ સ્વીકારી ત્યારે તેના માથે ૧૦૮ ખૂનનો આરોપ હતો. તેની માતાને જ્યારે પૂછવામાં આવ્યું કે, 'સોહનસિંહ આવો કેમ થયો?' ત્યારે તેની માતાએ કહ્યું, 'તે જ્યારે નાનો હતો અને ઘૂંટણિયે ચાલતા શીખ્યો ત્યારથી કીડી-મંકોડા મારતો હતો, પણ મેં તેને ન વાર્યો. તે જ્યારે ૮ વર્ષનો થયો ત્યારે કુરકુરિયાં મારી નાંખતો તો પણ મેં ન વાર્યો. તે જ્યારે ૧૨ વર્ષની ઉંમરે પહોંચ્યો ત્યારે તેણે પ્રથમ ખૂન કર્યું, છતાં મેં તેને વાર્યો નહોતો. પરિણામ સ્વરૂપે અત્યારે ૩૭ વર્ષની ઉંમરે તેણે ૧૦૮ ખૂન કરી નાંખ્યાં.'

ઉપરોક્ત બંને પ્રસંગોમાં એક મહત્ત્વપૂર્ણ બાબત સરખી છે અને એક અતિ અગત્યની બાબતમાં તફાવત છે. સમાન બાબત એ છે કે સોહનસિંહ અને બેન કાર્સન બંને નાના હતા ત્યારે ખૂબ હિંસક વૃત્તિના હતા. પણ અસમાન બાબત એ છે કે એક મોટા થઈને પ્રસિદ્ધ ન્યૂરો સર્જન થયા અને બીજા મોટા થઈને ખૂંખાર ડાકુ થયા. આવો આસમાન-જમીનનો ફરક પડી ગયો, એનું કારણ શું છે? તો જવાબ છે, બંનેની માતાઓની જાગ્રતિનો ભેદ. એકની માતા જાગી ગઈ તો એનો દીકરો ન્યૂરો સર્જન થયો અને બીજાની માતા સૂતી રહી તો એનો દીકરો ડાકુ થયો.

અત્યારે મોટાભાગના વાલીઓનો વલોપાત વાણી દ્વારા વહે છે કે, 'આજકાલ છોકરાંઓ બગડી ગયાં છે.' 'કોઈનું સાંભળતાં નથી.' 'આજના જમાનામાં છોકરાંઓને કશું કહેવાતું પણ નથી.' આવાં વાક્યોનાં તો પૃષ્ઠોનાં પૃષ્ઠો ભરાય, એટલી બધી ફરિયાદ વાલીઓના અંતરમાં હોય છે. વાલીઓનો દાવો સાચો હશે, એમાં બેમત નથી પણ હવે કરવું શું?

તો પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ એમના જીવન દ્વારા શીખવતા કે, ફરિયાદ કરવાને બદલે આપણે જાગી જવું. it is better to light a candle than to curse the darkness. તેઓ બાળમાનસને પારખી તેમને સંસ્કાર આપવાનું અભૂતપૂર્વ કાર્ય કરતા.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૧૭ની સાલમાં ગાંધીનગરસ્થિત અક્ષરધામના રજતજયંતી અવસરે કહ્યું હતું કે, 'પ્રમુખસ્વામી મહારાજ લંડનમાં મંદિર બનાવે તો એમને ખબર હોય કે અહીં જે રીતે બાળકોનો ઉછેર થયો છે તેના માટે તો મંદિરમાં જિમ્નેશિયમ બનાવવું જ પડે.'

સ્વામીશ્રીએ ફરિયાદ ન કરી કે પરદેશમાં પાંગરતી બાળ-યુવાપેઢી બગડી ગઈ છે અને મંદિરે આવતી નથી. તેઓએ આ પ્રશ્નમાંથી બહાર આવવાનો રસ્તો શોધી કાઢ્યો કે રમવાના બહાને પણ બાળકો-કિશોરોના પગ મંદિર બાજુ મંડાશે તો ભવિષ્યમાં તેઓ સત્સંગ કરવા પણ મંદિરમાં એકત્રિત થશે.

આ હતી તેઓની જાગ્રતિ. તેઓની જાગ્રતિના પરિપાક રૂપે આજે દેશ-વિદેશમાં હજારો બાળમંડળો કાર્યરત છે, જેનો પનો આદિવાસી વિસ્તારોથી લઈને અમેરિકા સુધી વિસ્તરેલો છે. આ બાળમંડળો દ્વારા લાખો બાળકો સંસ્કાર, સદાચાર અને શિક્ષણસંબંધી પ્રેરણાઓ પ્રાપ્ત કરે છે.

આજે આપણે સંતાનોના સંસ્કારોના ધોવાણથી વ્યથિત થઈએ છીએ. આપણે બાળકોની ગેરવર્તણૂકથી ગ્લાનિ પામીએ છીએ પણ શું કામ આપણે એની સામે જાગ્રત ન થઈએ? એવી જાગૃતિનો સમય હવે પાકી ગયો છે.

ઊઠ જાગ મુસાફિર ભોર ભઈ, અબ રૈન કહાં જો સોવત હૈ...

એ એની મજબૂરી કે શૂરવીરતા?

ગુસ્સો કરવો સહેલો છે પણ સહન કરવું કઠણ છે. આથી જ સહન કરવું એ મજબૂરી નથી પણ શૂરવીરતા છે. મોટેભાગે સહન કરવું એ સૌથી સબળ વિકલ્પ હોય છે

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

એક વખત દિલ્હીના મુખ્ય રસ્તા ઉપરથી અકબરની સવારી નીકળતી હતી. બીરબલ અકબરની બાજુમાં બેઠો હતો. અકબરની નજર દિલ્હીના નગરશેઠ ઉપર પડી. તેઓ શરીરે ઘણા સ્થૂળ હતા. રાજાએ આશ્ચર્યચકિત થઈને પૂછ્યું, 'આમનું શરીર એટલું સારું કેવી રીતે હોય છે? શું ખાય છે? આજથી અમે પણ એ જ ખાઈશું.' બીરબલે કહ્યું, 'તમારી તાકાત નહીં.' અકબરે વિસ્મિત થતાં પૂછ્યું, 'કેમ? મારી તાકાત નહીં?' ત્યારે બીરબલે કહ્યું, 'જહાંપનાહ! તે ગમ ખાય છે. જે આપ ક્યારેય ન ખાઈ શકો. અકબરે કહ્યું, 'ગમ શું છે? અમે શું કામ ન ખાઈ શકીએ?' એટલે બીરબલે કહ્યું, 'સમય આવશે ત્યારે બતાવીશ.' થોડા દિવસ પછી બીજી વાર અકબરની સવારી નીકળી. પેલા શેઠ આજે પણ સવારી જોવા માટે આવ્યા હતા. કોઈ કારણસર એક સૈનિકે તેમની પાઘડી પાડી નાંખી. નગરશેઠે વિચાર્યું કે, આ વાતની ખબર માત્ર ૫-૭ જણને છે. સૈનિકને સજા કરવાનું હાલ જ વિચારીશ તો હોહા થઈ જશે અને દિલ્હીભરમાં ખબર પડશે કે નગરશેઠની પાઘ પડી. એના કરતાં આપણે કોઈ માથાકૂટ કરવી નથી. એમ વિચારી શેઠે હળવેકથી પાઘ માથે પહેરી લીધી. બીરબલે કહ્યું, 'જોયું રાજાજી! આવું તમે કરી શકો? આને કહેવાય ગમ ખાવો' અકબરે કહ્યું, 'હું તો તેનું માથું જ ઉડાવી દઉં.' બીરબલે કહ્યું, 'એટલે જ મેં કહ્યું હતું કે ગમ ખાવો એ તમારું કામ નહીં.'

આ વાર્તા ભલે કાલ્પનિક છે પણ એનો બોધ વાસ્તવિક છે. સામાન્ય રીતે એવું જણાય કે જે સહન કરે તે દુઃખી થાય. પણ એ વિચારસરણી સાવ ખોટી છે. પ્રમુખસ્વામી મહારાજના ગુરુ યોગીજી મહારાજ કહેતા કે, 'સહન કરવાથી આનંદના ફુવારા છૂટે છે.' કદાચ આપણે આનંદના ફુવારા સુધી ન પહોંચી શકીએ પણ એક વાત તો પાકી છે કે સહન કરવાથી આપણે ઘણા અંશે આપણી પ્રતિષ્ઠા અને શક્તિનો વ્યય થતો બચાવી શકીએ છીએ, કારણ કે જ્યારે આપણે આપણને રંજાડનાર વ્યક્તિનો બદલો લેવાનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે આપણે સ્વયં જ આપણી પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડીએ છીએ, કારણ કે એવું કરવામાં આપણે આપણી જ બેઈજ્જતીનું માર્કેટિંગ કરીએ છે. કાદવમાં આળોટતાં ભૂંડ સાથેની લડતમાં આપણાં કપડાં પણ બગડે તો ખરાંને!

એક વખત ગાંધીજીને કોઈકે ગાળોથી ભરેલો ૫-૭ પાનાંનો કાગળ લખ્યો. ગાંધીજીએ કાગળમાંથી ટાંકણી કાઢી લીધી અને કાગળ ફાડીને ફેંકી દીધો. એમણે એની હોહા તો ન જ કરી પણ એની ચર્ચા પણ ન કરી.

એક વખત બુદ્ધ ભિક્ષા માંગવા માટે એક નગરમાં ગયા. એક માણસ એમના ઉપર થૂંક્યો. બુદ્ધે શાંતિથી પોતાના વસ્ત્રથી ચહેરો લૂછી લીધો. ત્યારપછી એમણે પેલા માણસને પૂછ્યું, 'બીજું કંઈ કહેવું છે?' બુદ્ધના આ પ્રતિભાવથી પેલો તો ડઘાઈ ગયો. એને ખૂબ પસ્તાવો થયો. બીજે દિવસે તે બુદ્ધનાં ચરણોમાં નમી પડ્યો.

એક વખત પ્રમુખસ્વામી બોચાસણ ગામમાં એક ભાવિકના ઘરે પધરામણી કરવા પધાર્યા હતા. તે જ સમયે પધરામણી કરાવનાર યજમાનનો નાનો ભાઈ ઘરે આવ્યો. તેને સ્વામિનારાયણ ધર્મ પ્રત્યે કેટલીક ગેરસમજ હતી. આથી સ્વામીશ્રીને જોઈને તે ગમેતેમ બોલવા લાગ્યો. બેફામ ઝેર ઓકનાર આ મુરબ્બીને સ્વામીશ્રીએ કશું ન કહ્યું. તેઓ જરા પણ અકળામણ કે ક્ષોભ વિના સહજ રીતે જ ઘરમાંથી નીકળી ગયા. ચમત્કાર તો હવે સર્જાયો. આ દૃશ્ય જોનાર આ જ ગામની એક વ્યક્તિને સ્વામીશ્રીની સહનશક્તિ અત્યંત સ્પર્શી ગઈ કે, 'સાધુ આમને કહેવાય.' આ વ્યક્તિએ સમય જતાં પોતાનું સમગ્ર જીવન સ્વામીશ્રીનાં ચરણોમાં અર્પણ કર્યું અને તે સ્વામીશ્રીના હસ્તે દીક્ષા પામી સાધુ બની ગયા.

ગુસ્સો કરવો સહેલો છે પણ સહન કરવું કઠણ છે. આથી જ સહન કરવું એ મજબૂરી નથી પણ શૂરવીરતા છે. મોટેભાગે સહન કરવું એ સૌથી સબળ વિકલ્પ હોય છે. મહાપુરુષો પણ આથી જ આ વિકલ્પ ઉપર જ પોતાની પસંદગી ઉતારે છે.

બુદ્ધ, ગાંધીજી કે પ્રમુખસ્વામી મહારાજ જેવા મહાપુરુષોને પણ આ દુનિયાના લોકોએ સહન કરાવ્યું હોય તો આપણે તો કીસ ખેત કી મૂલી? આપણે આ મહાપુરુષો ઉપર એટલો તો વિશ્વાસ રાખવો પડે કે એમણે અપનાવેલા આ માર્ગમાં કંઈક તો માલ હોવો જોઈએ!

તો આપણે જોડાં પહેરી લઈએ...

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી



ભગવાને આપણને આ પૃથ્વી ઉપર જન્મ આપ્યો ત્યારથી એક વાત તો નિશ્ચિત જ છે કે અમુક પ્રસંગો તો આપણા જીવનમાં એવા બનવાના જ છે કે જેમાં કોઈકના દ્વારા આપણે સહન કરવાનું થશે

એક વાર વિવેકાનંદ સ્વામી અને રામકૃષ્ણ પરમહંસ બેઠા હતા. એ વખતે એક ભાઈએ આવીને પૂછ્યું કે, 'સ્વામીજી, મારા જીવનની અંદર ખૂબ જ દુઃખ છે. આનંદ ઘડીએ ઘડીએ છીનવાઈ જાય છે. આનંદપ્રાપ્તિ માટે, દુઃખમુક્ત થવા મારે શું કરવું? કોઈ ઉપાય બતાવો.' ત્યારે રામકૃષ્ણ પરમહંસ કહે, 'હું કાંઈ ઝાઝું ભણ્યો નથી. મને કાંઈ બીજું આવડતું નથી, પણ મને ફક્ત કક્કો આવડે છે. કક્કામાં એક અક્ષર છે જે ત્રણ વાર આવે છે, 'સ' ત્રણ પ્રકારના છે જે આનંદમાં રહેવાનો રાજમાર્ગ શીખવે છે. સહન કરો, સહન કરો, સહન કરો. આ જ સુખ શાંતિ માટેનો ઉપાય છે.'

ઘણી વખત આપણને સહન કરવું એ લાચારી કે નાદારી લાગે છે. પણ ખરા અર્થમાં સહન કરવું એ સજ્જનતાનો શણગાર છે.

એક વખત એક યુવકે પ્રમુખસ્વામી મહારાજને કહ્યું કે, 'મારા પિતાજી કોઈક ગેરસમજના કારણે આપને ખૂબ ગાળો આપે છે' ત્યારે સ્વામીશ્રી કહે કે, 'આપણે એમાં ક્યાં વાંધો જ છે? આપણે અહીં ગાળ ક્યાં આવી જ છે? આવી જ નથી.'

બૉક્સિંગની રમતમાં એવું કહેવાય છે કે, તમે કેટલો જોરથી મુક્કો મારો, એ અગત્યનું છે પણ એના કરતાં વધુ અગત્યનું એ છે કે તમે કેટલો જોરદાર મુક્કો સહન કરી શકો છો.

વિશ્વના ઈતિહાસમાં એવા એક પણ મહાપુરુષ નહીં હોય કે જેમના ભાગે સહન કરવાનું ન આવ્યું હોય. ભગવાને આપણને આ પૃથ્વી ઉપર જન્મ આપ્યો ત્યારથી એક વાત તો નિશ્ચિત જ છે કે અમુક પ્રસંગો તો આપણા જીવનમાં એવા બનવાના જ છે કે જેમાં કોઈકના દ્વારા આપણે સહન કરવાનું થશે.

અત્યારે સમાજમાં દિનપ્રતિદિન ન્યૂઝ પેપરમાં આપણને એવા કેટલા કિસ્સા સાંભળવા મળે છે જેમાં સામાન્ય બાબતમાં પણ લોકો આત્મહત્યા તરફ વળ્યા હોય.

અમદાવાદમાં એક પિતા દ્વારા પોતાના સંતાનને અભ્યાસ અંગે ઠપકો અપાતાં સંતાને કરેલો આપઘાત.

મોટી બહેનનાં ઘરેણાં પહેરનાર નાની બહેનને મોટી બહેન દ્વારા ઠપકો મળતાં તેણે કેરોસીન છાંટીને કરી આત્મહત્યા.

માતાપિતા દ્વારા સાયકલ ન લઈ અપાતાં છઠ્ઠા ધોરણમાં ભણતા વિદ્યાર્થીએ કરેલો દેહદહનનો પ્રયાસ. આ પ્રશ્નોનાં મૂળમાં જઈએ તો એક જ નિષ્કર્ષ નીકળે કે સહનશક્તિનો અભાવ. આ આજના યુગનો એક બહુ મોટો પ્રશ્ન છે. પણ આવા સમયે આપણને આપણા સંતો-ભક્તોના જીવનમાંથી પ્રેરણા મળે છે.

તુકારામ નામના એક બહુ જ મોટા ભક્ત મહારાષ્ટ્રની ભૂમિ ઉપર થઈ ગયા. હુતાશનીના સમયે છોકરાઓએ ફાગ (હોળીનાં શૃંગારી ગીતો કે બોલાતા અપશબ્દો) બોલવા કહ્યું તો તુકારામે ના પાડી. આથી છોકરાઓએ તુકારામને માથે મુંડન કરાવી, એના પર ચૂનો ચોપડી, ગળામાં પાંચ શેર ગાજર-રીંગણાંની માળા પહેરાવી, ઊંધે ગધેડે બેસાડી આખા ગામમાં ફુલેકું કાઢ્યું અને હુરિયો બોલાવી. એમનાં પત્ની બહુ દુઃખી થયાં અને રડવા લાગ્યાં. તુકારામે તેમને સવળી સમજણ આપતાં કહ્યું કે, 'આમાં દુઃખ લગાડવા જેવું છે જ ક્યાં? આપણી પાસે મુંડનના પૈસા ન હતા પણ છોકરાઓએ મુંડન કરાવી આપ્યું. માથામાં ખોડો થઈ ગયો હતો તે ચૂનો ચોપડવાથી જતો રહ્યો. લગ્ન વખતે ફુલેકું નહોતું નીકળ્યું જે આજે નીકળ્યું. પાંચ શેર ગાજર-રીંગણાં છે તો બે-ત્રણ દા'ડા શાક થશે.' તુકારામ આવા નિર્માની હતા. તેમણે સહન કર્યું તો આજે મહારાષ્ટ્રમાં તેઓનાં ભજન ગવાય છે.

આવા સંજોગોમાં આપણે ગમે તેટલો પ્રયત્ન કરીશું પણ સામેવાળાને સમજાવી-સુધારી નહીં શકીએ અને કદાચ સુધારી શકીશું તો પણ કેટલાને સુધારીશું? આખી પૃથ્વીને ચામડે મઢવા કરતાં આપણે જાતે જોડાં પહેરી લઈએ, એ ડહાપણભર્યું પગલું કહેવાય. આ જોડાં પહેરવા માટેની સમજણ આપણને આપણા મહાપુરુષો શીખવે છે. આપણે પણ આ સમજણો જીવમાં ઉતારી જીવનના પ્રત્યેક પ્રસંગે સ્થિર રહી શકીએ, એ જ અભ્યર્થના.

વસુધૈવ કુટુમ્બકમ્

૧૯૮૭ની સાલમાં દુષ્કાળની આફત ગુજરાતને માથે આવી પડેલી. આ કપરા સંજોગોમાં નાની-મોટી ઘણી સંસ્થાઓ રાહત માટે દોડી આવેલી. સૌ પોતપોતાની શક્તિ અનુસાર રાહતકાર્ય કરતા હતા

+ વાઈબ્સ

ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી

ભિલકતની વહેંચણી બાબતે વાત વણસતાં એક ભાઈએ બીજા ભાઈની કરેલી હત્યા...

ભાગીદાર દ્વારા છેતરામણી થતાં ઉદ્યોગપતિએ કરેલી આત્મહત્યા...

નજીવી બાબતે ઝઘડો થતાં એક મિત્રએ બીજા મિત્ર ઉપર ચપ્પુથી કરેલો પ્રહાર...

આવા સમાચારો આજના જમાનામાં છાપાંઓનાં શીર્ષકો ભરી દે છે.

રોજબરોજ ઘટતી આ ઘટનાઓના મૂળમાં છે - અહં અને મમત્વ ગ્રંથિ, જે હજારો વર્ષોથી માનવજાતને ખુવાર કરતી આવી છે.

શ્રીમદ્ભગવદ્ગીતાના પ્રારંભમાં રાજા ધૃતરાષ્ટ્ર સંજયને પૂછે છે, "धर्मक्षेत्रे कुरुक्षेत्रे समवेता युयुत्सवः। मामकाः पाण्डवाश्चैव किमकुर्वत सञ्जय ॥"

ધર્મક્ષેત્ર એવા કુરુક્ષેત્રમાં યુદ્ધ માટે એકત્રિત થયેલા મારા પુત્રો `मामकाः' અને પાંડવો `पाण्डवाः' શું કરી રહ્યા છે?

વિવેચકો આ વચનોના આધારે ધૃતરાષ્ટ્રની મનોવૃત્તિ સ્પષ્ટ કરે છે. ધૃતરાષ્ટ્રને પાંડવો પોતાના મનાયા નથી, તેથી તે `मामकाः' શબ્દ કેવળ કૌરવો માટે પ્રયોજે છે જ્યારે પાંડવો માટે `पाण्डवाः' શબ્દ બોલે છે.

મહાભારતના ભયંકર યુદ્ધનાં બીજ મારા અને પારકાની વૃત્તિથી જ વવાયાં હતાં. જેના પરિણામસ્વરૂપે ૪૮ લાખ લોકો મોતના મુખમાં ધકેલાયા હતા.

'પોતાના' અને 'પારકા'ની વૃત્તિ સમાજને ખૂબ જ મોટું નુકસાન પહોંચાડે છે. જોકે, આપણાં શાસ્ત્રો આપણને શીખવે છે કે, अयं निजः परो वेत्ति गणना लघुचेतसाम् ॥

उदारचरितानां तु वसुधैव कुटुम्बकम् ॥

આ મારું અને આ પારકું તેવી ગણના નાના મનવાળા કરે છે, પણ જેમનું મન ઉદાર છે તેમના માટે સમગ્ર વસુધા(પૃથ્વી) જ કુટુંબ છે. સમગ્ર પૃથ્વીને કુટુંબ બનાવવામાં મુખ્ય જરૂર છે - ઉદાર મનની. સંતો ઉદાર મનના હોય છે. પ્રમુખસ્વામી મહારાજના પ્રસંગમાં આવા અનુભવો હજારોને થયા છે.

૧૯૮૭ની સાલમાં દુષ્કાળની આફત ગુજરાતને માથે આવી પડેલી. આ કપરા સંજોગોમાં નાની-મોટી ઘણી સંસ્થાઓ રાહત માટે દોડી આવેલી. સૌ પોતપોતાની શક્તિ અનુસાર રાહતકાર્ય કરતા હતા. પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી BAPS સંસ્થા પણ અનાજવિતરણ, સુખડીવિતરણ, છાશકેન્દ્ર જેવા મનુષ્યલક્ષી તથા કેટલકેમ્પ, ઘાસવિતરણ જેવાં પશુલક્ષી રાહતકાર્યો કરી રહી હતી. તે સમયે ચાર કેટલકેમ્પ દ્વારા પશુઓની સાચવણી થઈ રહી હતી. આવા જંગી રાહતકાર્યને પહોંચી વળવા મોટા પ્રમાણમાં ધનની જરૂર પડે તે સ્વાભાવિક છે. પ્રમુખસ્વામી મહારાજ આયોજનબદ્ધ કાર્યપદ્ધતિથી તથા સ્વચ્છ આર્થિક વહીવટીય નીતિથી સૌના વિશ્વાસપાત્ર બની રહ્યા હતા, તેથી ઘણા દાતાઓ પોતાનું દાન આપવા તેમની પાસે દોડી આવતા.

આ સમયગાળામાં જ મુંબઈના સાંઈ સત્સંગમંડળે ટ્રેનોમાં ભજનો ગાઈ સવા લાખ રૂપિયાની રાશિ એકત્રિત કરેલી. તે આપવા મંડળના યુવાસભ્ય પ્રમુખસ્વામી મહારાજ પાસે આવેલા. તેની સાથેની વાતચીતમાં ખ્યાલ આવ્યો કે તે ઢસા ગામના વતની છે. તે જાણી પ્રમુખસ્વામી મહારાજે કહ્યું, 'તમે ઢસાના છો. ગઢડાથી તમે નજીક છો. તો ગઢડાની અને બોટાદની પાંજરાપોળને આપજો. ત્યાં એ બધાને બહુ જરૂર છે.' આવી જ રીતે કેટલાક અન્ય શ્રેષ્ઠીઓને પ્રમુખસ્વામી મહારાજે અન્ય સંસ્થાઓમાં દાન આપવા પ્રેરણા આપી હતી.

કઠણકાળમાં પોતાને જરૂર હોય તેવા સમયે પણ પ્રમુખસ્વામી મહારાજની ઉદારતા આમ છલકતી રહેલી, કારણ કે તેઓ એકલપેટા નહીં, સાગરપેટા હતા. ઉદાર મનવાળા હતા, સમગ્ર પૃથ્વીને કુટુંબ માનનારા હતા.

વડોદરાના સુરસાગર સરોવરમાં 'સર્વેશ્વર મહાદેવ'ની વિરાટ પ્રતિમા પધરાવવાની હતી. તે મૂર્તિની પીઠિકા પર આઠ ફૂટ ઊંચી આઠ શિવપ્રતિમાઓ પધરાવવાનું આયોજકોએ વિચાર્યું. પથ્થરની આવી વિશાળકાય પ્રતિમા આઠ મહિનાના ટૂંકા ગાળામાં કંડારવાનું કામ અશક્ય જણાતાં શ્રી યોગેશભાઈ તથા અન્ય કાર્યવાહકો પ્રમુખસ્વામી મહારાજ પાસે દોડી આવ્યા. આ સમયે દિલ્હીમાં ઊભા થઈ રહેલા અક્ષરધામનું કામ સમયસર પૂરું કરવા યુદ્ધના ધોરણે ચાલુ હતું. છતાં એક સ્થાને અક્ષરધામના પથ્થરોની ઘડતરક્રિયા થંભાવી દઈ પ્રમુખસ્વામી મહારાજે મહાદેવજીની અષ્ટપ્રતિમાના કામને અગ્રતાક્રમ આપ્યો. સમય કરતાં વહેલી આ મૂર્તિઓ તૈયાર કરાવી આયોજકોને સોંપી દીધી. સર્વેશ્વર મહાદેવ મૂર્તિપ્રતિષ્ઠાની સમિતિએ તેનો અંદાજિત ખર્ચ પચાસ લાખ રૂપિયાનો ધારેલો, તે કામ પ્રમુખસ્વામી મહારાજે અગિયાર લાખ રૂપિયામાં કરાવી આપેલું, પરંતુ BAPS સંસ્થાના શિલ્પકામના મુખ્ય આયોજક શ્રી હર્ષદભાઈ ચાવડાને આ રકમ પણ ન લેવાની સૂચના આપેલી, કારણ કે પ્રમુખસ્વામી મહારાજ ભગવાન શ્રી સર્વેશ્વર મહાદેવની સ્થાપનાનું કાર્ય પોતાનું જ માનતા હતા. તેઓ સમગ્ર પૃથ્વીને કુટુંબ માનનારા હતા.

સૌને ઉદારભાવે સહકાર આપવો, પોતે ઘસાઈને બીજાને સહકાર આપવો અને તેમાં પણ પોતે ઉપકાર કરે છે તેવો વિચાર નહીં, આ પ્રમુખસ્વામી મહારાજના ઉદાર મનની શૈલી હતી, તેથી જ તેમને માટે સમગ્ર પૃથ્વીવાસીઓ કુટુંબીજનો બની રહ્યા અને સૌને તેઓ માટે પોતાના કુટુંબીજન જેવો સ્નેહસંબંધ બંધાઈ રહ્યો.

જીવનમાં બનતા પ્રસંગો બદલી નથી શકાતા, સ્વીકારતા શીખો

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

'મારી સાથે જ આવું કેમ થાય છે?' 'પપ્પાએ આટલું તો સમજવું જોઈએ ને?' 'પતિ માટે કામ કરી કરીને મરી જઈએ, પણ એમને તો આપણી પડી નથી!' 'ઘરે મહેમાન આવ્યા એ દિવસે જ રસોઈમાં ઠેકાણું નહોતું.' રોજબરોજની જિંદગીમાં આવી અનેક ફરિયાદો માનવ મસ્તિષ્કમાં ઘુમરાતી રહે છે અને છેવટે આ જ ફરિયાદો દુઃખ, હતાશા અને નિરાશામાં પરિણમે છે. હા, પ્રતિકૂળ ઘટનાઓ બનતી જ રહેશે. જીવન કંઈ શોપિંગમોલ નથી કે આપણે આપણા બાસ્કેટમાં મનગમતી વસ્તુઓ પસંદ કરીને મૂકી શકીએ. જીવન તો સાપસીડી જેવું છે. પાસામાં કયો અંક આવશે અને એ અંક પર સીડી આવશે કે સાપ તે કંઈ નિશ્ચિત નથી હોતું. અનિશ્ચિત પરિસ્થિતિઓ સર્જાતી જ રહેશે, પરંતુ તેમાંય દુઃખી ન થતાં હસતા મોઢે પરિસ્થિતિનો સ્વીકાર કરી લે તે જ ખરો વીર.



ઘણી બાબતો એવી છે, જેને બદલવાનું આપણા હાથમાં જ નથી. આપણો અવાજ ઘેરો હશે કે તીણો? આપણા ચહેરાનો આકાર આકર્ષક હશે કે સાધારણ? આ બધું આપણા અંકુશની બહાર છે

તેમ સામેની વ્યક્તિનો સ્વભાવ અને તેને લીધે સર્જાતી પરિસ્થિતિ આપણે નહીં બદલી શકીએ, પણ આપણી પાસે એવાં સાધનો હોવાં જોઈએ, જેથી તે સ્વભાવ કે પરિસ્થિતિ આપણને વાગે નહીં. તે સાધનોમાં મોખરાનું સાધન એટલે 'સ્વીકાર'. જીવનની એવી અનેક મહત્ત્વપૂર્ણ બાબતો છે, જેની પસંદગી આપણા હાથમાં નહોતી, છતાં સ્વીકારી લીધું છે તો કોઈ પ્રશ્ન જ નથી. જે નામથી આપણે જીવનભર ઓળખાઈએ છીએ તે નામની પસંદગી આપણે ક્યાં કરી હતી? છતાં જે નામ મળ્યું તેને સ્વીકારી લીધું તો આનંદ છે.

ચલો નામ તો કદાચ બદલી પણ શકાય, પરંતુ ઘણી બાબતો એવી છે, જેને બદલવાનું આપણા હાથમાં જ નથી. આપણો અવાજ ઘેરો હશે કે તીણો? આપણી ચામડીનો રંગ ગોરો હશે કે કાળો? આપણા ચહેરાનો આકાર આકર્ષક હશે કે સાધારણ? આ બધું આપણા અંકુશની બહાર છે. આવી પરિસ્થિતિમાં જે મળ્યું તેનો સ્વીકાર કરી લેવો એ જ સુખી રહેવાનો રામબાણ ઉપાય છે.

એમાં પણ જે બાબત આપણને સૌથી વધારે દુઃખી કરે છે તે છે સામેના વ્યક્તિનું વર્તન. કોઈ આપણને ચાહશે કે નહીં ચાહે? આદર આપશે કે નહીં આપે? અનુકૂળ વર્તન કરશે કે પ્રતિકૂળ? આ બધું ક્યાં આપણા અંકુશમાં છે? આપણાં વર્તન અને આપણા વિચારો સિવાય બીજું કંઈજ આપણા અંકુશમાં નથી. માટે આપણે સારું વર્તન રાખવાનો પ્રયત્ન ચોક્કસ કરવો, પણ બીજા પાસે એવી જ અપેક્ષા કદાપિ ન રાખી શકાય. મેં એને મદદ કરી હતી એટલે એણે મને મદદ કરવી જ પડે. જીવનમાં આ ગણિત ઘણીવાર ખોટું સાબિત થાય છે.

ભારતવર્ષના મહાન અવતારી પુરુષો અને સંતોએ પણ પોતાના જીવન દ્વારા આ જ શીખવ્યું છે.

ભગવાન શ્રીરામચંદ્રજી અયોધ્યાના યુવરાજ બનવાના હતા. થોડી જ ક્ષણોમાં રાજ્યાભિષેક થવાનો હતો. બધી જ તૈયારીઓ થઈ ચૂકી હતી. એવામાં અચાનક કૈકેયીના મુખેથી વાગ્બાણ છૂટ્યા, 'યુવરાજ તો ભરત બનશે અને રામચંદ્ર! તમારે ૧૪ વર્ષ માટે વનમાં જવાનું છે.' આ આઘાત કંઈ સાધારણ નહોતો. રાજસત્તા છોડીને હિંસક પ્રાણીઓની વચ્ચે વનમાં જવાનું હતું. ૧૪-૧૪ વર્ષ સુધી ફળફૂલ ખાઈને રહેવાનું હતું, પરંતુ રામચંદ્રજીનો પ્રતિભાવ કેવો હતો? તુલસીદાસજી નોંધે છે, 'મન મુસકાઈ ભાનુકુલ ભાનુ, રામ સહજ આનંદ નિધાનુ' રામચંદ્રજી તો મુસકાઈ રહ્યા છે. આનંદિત છે. શું કર્યું એમણે? પરિસ્થિતિનો હસતા મુખે સ્વીકાર.

હા, એને અર્થ એવો નથી કે માથે હાથ દઈને નસીબની રાહે બેસી રહેવું. શક્ય હોય તો પરિસ્થિતિને સાનુકૂળ બનાવવા માટે પ્રયત્ન કરવામાં કોઈ દોષ નથી, પરંતુ સફળતા ન મળે તો શોક ન કરો. પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં આ વાત મેં પ્રત્યક્ષ જોઈ છે. તેઓ પ્રત્યેક કાર્યમાં અથાગ પુરુષાર્થ કરતા, પરંતુ પરિણામ હંમેશાં ભગવાન પર છોડી દેતા. સફળતા મળે, વાહ વાહ થાય તોય ભગવાનના શિરે ધરતા અને નિષ્ફળતા મળે તો એનેય ભગવાનનો પ્રસાદ સમજીને સહર્ષ સ્વીકારી લેતા. એટલે જ કોઈએ એમને ક્યારેય દુઃખી, નિરાશ કે નિરુત્સાહ નથી જોયા.

તો ચાલો આપણે પણ એ જ માર્ગ અપનાવી જીવનની પ્રત્યેક ક્ષણને ગૌરવથી જીવીએ.

મને માફ કરશો

મહાપુરુષો પોતાની ભૂલ ન હોવા છતાં જો ભૂલનો સ્વીકાર કરી શકતા હોય તો આપણા દ્વારા તો સતત ભૂલો થતી હોય છે. શું આપણે આપણી ભૂલનો સ્વીકાર ન કરીએ?

+ વાઈબ્સ
ડો. જ્ઞાનવત્સલ સ્વામી

અમેરિકામાં રેન્ડી પોશ નામના એક વિખ્યાત પ્રવચનકાર થઈ ગયા. તેઓ જ્યારે ૧૦ વર્ષના હતા ત્યારે તેમની મોટી બહેન સાથે તેઓ ડિઝનીવર્લ્ડ ફરવા માટે ગયા હતા. ત્યાં તેમણે એક દસ ડોલરનું રમકડું ખરીદ્યું. તેઓ રમકડાને લઈને આગળ ચાલતા હતા અને અચાનક તેમના હાથમાંથી રમકડું પડી ગયું અને તે તૂટી ગયું. ભાઈ-બહેન બંને દુઃખી દુઃખી થઈ ગયાં. આ સમયે એક વ્યક્તિ ત્યાંથી પસાર થતી હતી. તેમણે આ દૃશ્ય જોયું અને બાળકોને દુઃખમુક્ત કરવા સલાહ આપી કે, 'તમે ફરી તે દુકાનદાર પાસે જાઓ અને રમકડું પાછું આપી દો.' ત્યારે રેન્ડીએ કહ્યું, 'અમે લીધું ત્યારે તો આ રમકડું તૂટેલું નહોતું, પણ મારી ભૂલને કારણે આ તૂટ્યું છે માટે કેવી રીતે પાછું અપાય?' ત્યારે પેલી વ્યક્તિએ કહ્યું કે, 'એકવાર પ્રયત્ન તો કરી જુઓ.' આથી ભાઈ-બહેન પેલા દુકાનદાર પાસે ગયાં અને વિવેકપૂર્વક વાત કરતાં કહ્યું, 'અમારી ભૂલથી આ રમકડું તૂટી ગયું છે, તો આપ અમને કઈ રીતે મદદ કરી શકો?' ત્યારે પેલા દુકાનદારે તે તૂટેલું રમકડું પાછું લઈ લીધું અને રેન્ડીને નવું રમકડું આપતાં કહ્યું, 'Sorry it is not your fault, but it is our fault.'

'આમાં તમારી શું ભૂલ છે?' રેન્ડી દ્વારા આ પુછાતાં પેલા દુકાનદારે કહ્યું, 'અમારું પેકિંગ એવું હોવું જોઈએ કે દસ વર્ષનું બાળક ઉન્માદમાં આવી જાય અને તેના હાથમાંથી રમકડું નીચે પડી જાય તો પણ તે ન તૂટે. અમે એવું પેકિંગ નથી કરી શક્યા. તે અમારી ખામી છે.'

ઉપરોક્ત પ્રસંગમાં ભૂલ તો બાળકની જ હતી છતાં પેલા દુકાનદારે તે ભૂલ પોતાના માથે ચઢાવી. 'માણસમાત્ર ભૂલને પાત્ર' આ ઉક્તિ આપણે ઉચ્ચારી તો કેટલીય વાર હશે, પરંતુ સ્વીકારી કેટલી વખત? વ્યક્તિ બીજા તરફ આંગળી ચીંધે ત્યારે એક જ આંગળી સામાવાળા તરફ હોય છે. બાકીની ત્રણ આંગળીઓ તો પોતાના તરફ જ હોય છે, પરંતુ વ્યક્તિને કોઈ ભૂલ બતાવે તે ગમતું નથી. આથી જ પારિવારિક, સામાજિક કે વ્યાવસાયિક ક્ષેત્રોમાં ઉદભવતા પ્રશ્નોનાં મૂળ તપાસીએ તેમાં ક્યાંક ને ક્યાંક ભૂલનો અસ્વીકાર જ જોવા મળે છે. એ પતિ-પત્ની વચ્ચેનો ઝઘડો હોય કે માલિક-મજૂર વચ્ચે થતી અણસમજણ હોય, યુવાનો-વડીલો વચ્ચે ઉદભવતું પેઢીગત અંતર હોય કે સાસુ-વહુ વચ્ચે થતો ગજગ્રાહ હોય, આ તમામ પ્રશ્નોનું મૂળ ભૂલનો અસ્વીકાર જ હોય છે. જો વ્યક્તિ ભૂલોને સ્વીકારી સુધારવાનો પ્રયત્ન કરે તો તે શ્રેષ્ઠતાના માર્ગે અવશ્ય ચડી શકે. જીવનભર અન્ય દ્વારા આપણી ભૂલોનાં ભૂંગળાં વાગતાં જ રહેવાનાં છે, પરંતુ જો તેને સાંભળીને આપણે સ્વીકારતાં શીખીશું તો શાંતિનો અને પૂર્ણતાનો અનુભવ થઈ શકશે.

મહાન વ્યક્તિ ભૂલને સ્વીકારી તેને સુધારવા માટે સતત પ્રયત્નશીલ રહેતી હોય છે. બિલ ગેટ્સ કહે છે કે, 'મને મારી દરેક ભૂલમાંથી કંઈક શીખવા મળે છે.' કારણ કે ભૂલ એ જીવનને સુધારવાની દિશા આપે છે. વ્યક્તિની ભૂલ થઈ હોય અને તેને સ્વીકારવી તે તો સારી વાત છે, પરંતુ ભૂલ ન હોવા છતાં એ ભૂલને સ્વીકારી પોતાના માથે વહોરવી તે મહાપુરુષોની પરમ સિદ્ધિ છે.

૧૯૮૭માં પ્રમુખસ્વામી મહારાજ ચારધામની યાત્રા પૂર્ણ કરીને મુંબઈ પધાર્યા હતા. અહીં તેઓ પર લંડનના રોમફર્ડથી એક ત્રાહિત વ્યક્તિનો રોષ ઠાલવતો પત્ર આવ્યો, જેમાં લખ્યું હતું, 'તમારે આટલા મોટા કાફલા સાથે યાત્રાએ ન નીકળવું જોઈએ, તમારી તારીખે-તારીખ અમારી યાત્રા ચાલતી હતી. તમારા લીધે અમને બધી જ જગ્યાએ ઉતારામાં અગવડ પડી. અમારા કુટુંબને તમે દુઃખી-દુઃખી કરી નાંખ્યું.' બે-ત્રણ મહિના પૂર્વેથી જ ઉતારાની ગોઠવણી કરીને યાત્રાએ નીકળેલા સ્વામીશ્રીનો આમાં કોઈ જ વાંક નજરે ચડતો નથી. વાંક તો આયોજન વિના ચાલી નીકળેલા એ પત્ર લખનારનો જ હતો છતાં સ્વામીશ્રીએ પોતાની ભૂલ થઈ હોય તેમ ક્ષમા યાચનાનો પત્ર લખી પાઠવ્યો કે, 'તમને તકલીફ પડી એ બદલ માફ કરશો. ત્યાં તમે અમને વાત કરી હોત તો અમે તમને મદદરૂપ થાત અને સગવડ કરાવી દેત. તમને તકલીફ પડે એવો અમારો કોઈ આશય નહોતો.'

મહાપુરુષો પોતાની ભૂલ ન હોવા છતાં જો ભૂલનો સ્વીકાર કરી શકતા હોય તો આપણા દ્વારા તો સતત ભૂલો થતી હોય છે. શું આપણે આપણી ભૂલનો સ્વીકાર ન કરીએ? આવો, મહાપુરુષોને અનુસરીને આપણે પણ આ શાંતિપ્રદ માર્ગે આગળ ધપીએ.

'સ્વ'નો ત્યાગ, 'સર્વ'નો સ્વીકાર

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

લાલબહાદુર શાસ્ત્રી ભારતના વડાપ્રધાન થયા પછી તેઓને જે સરકારી મોટર મળી હતી તે તેઓ સરકારી કામ માટે જ વાપરતા. પોતાના અંગત કામ માટે કોઈ દિવસ સરકારી ગાડીનો ઉપયોગ કર્યો નથી. એકવાર શાસ્ત્રીજી બહાર ગયા ત્યારે તેઓનો દીકરો સુનીલ ગાડી લઈને આંટો મારવા નીકળ્યો. તે જ્યારે પાછો આવ્યો ત્યારે શાસ્ત્રીજીએ તેને પૂછ્યું કે, 'કેટલા કિમી. થયા?' સુનીલે કહ્યું કે, '૨૫ કિમી. થયા.' શાસ્ત્રીજીએ પાકું કર્યું કે, '25થી વધારે નહીં ને?' તરત જ ફોન કરીને સેક્રેટરીને બિલ બનાવી પૈસા લઈ જવા કહ્યું.

શાસ્ત્રીજી વડાપ્રધાન થયા એ પહેલાં તેઓએ એક સામાન્ય મોટર ખરીદી હતી, જે ક્યારેક ક્યારેક ધક્કા મારીને ચાલુ કરવી પડે એવી હતી. આથી એમના દીકરાઓએ શાસ્ત્રીજી વડાપ્રધાન બન્યા ત્યારે એક મોટર ખરીદવા માટે આગ્રહ કર્યો. શાસ્ત્રીજીએ ખાનગી સચિવને બોલાવીને પૂછ્યું, 'બેંકમાં કેટલી રકમ છે?' જવાબ મળ્યો, '૪૦૦૦ રૂપિયા.' ગાડીની કિંમત ૧૨૦૦૦ રૂપિયા હતી. આથી ખૂટતા પૈસા શાસ્ત્રીજીએ સરકારી લોન લઈને ભર્યા, જેથી લોન ધીમે ધીમે ચૂકવી શકાય. જોકે, શાસ્ત્રીજી તો ૧૧ જાન્યુઆરી, ૧૯૬૬ના દિવસે અચાનક જ મૃત્યુ પામ્યા, તેથી સરકારે આ લોન માફ કરવાનું નક્કી કર્યું, પણ તે વખતે તેમનાં પત્નીએ શાસ્ત્રીજીના આદર્શોને ધ્યાનમાં રાખીને આ નિર્ણયનો અસ્વીકાર કર્યો અને તેમના કુટુંબને મળતા માસિક નિવૃત્તિ વેતનમાંથી ચાર વર્ષ સુધી હપ્તે-હપ્તે લોન ભરી દીધી.



> **માણસ પાસે કોઈ પદવી કે સત્તા આવે ત્યારે તે પોતાના પરિવારજનોને સેટ કરવાના પ્રયત્નો કરવા માંડે છે, પણ પરિવારરૂપી નાના વૃંદની તરફદારી કરવી, તે સમગ્ર સમાજ માટે અન્યાયરૂપ બની રહે છે**

આવો જ પ્રસંગ સરદાર વલ્લભભાઈ પટેલનો પણ છે. એક વખત વલ્લભભાઈનાં પુત્રી મણિબહેનના સાડલા પર એક મોટું થીંગડું જોઈને મહાવીર ત્યાગી કહે, 'મણિબહેન! રામ-કૃષ્ણનું, અશોક-અકબરનું કે અંગ્રેજનું નહીં હોય તેવું ચક્રવર્તી રાજ્ય જેણે સ્થાપી દીધું છે તેવા સરદારની પુત્રી થઈ આવો સાડલો પહેરો તેમાં શરમ નથી લાગતી?' આ સાંભળી સરદાર હસતાં હસતાં કહે, 'ગરીબ માણસની દીકરી છે. સારાં કપડાં ક્યાંથી લાવે? એના બાપ ક્યાં કશું કમાય છે?' એમ કહી તેઓએ ચશ્માંનું ખોખું બતાવ્યું જે લગભગ ૨૦ વર્ષ જૂનું હતું. ચશ્માંની એક જ દાંડી હતી. બીજી તરફ દોરો હતો. ત્રીસ વર્ષ જૂની ઘડિયાળ પણ બતાવી. સરદારના સાથી ચંદ્રશેખર શાસ્ત્રીએ સરદાર વિશેના એક પુસ્તકમાં નોંધ્યું હતું કે, 'એ વખતના ઘણા પ્રધાનોની સ્થાયી સંપત્તિ એમના પ્રધાનપદ દરમિયાન બેશુમાર વધી ગઈ હતી, જ્યારે સરદાર પટેલે પોતાની પુત્રી મણિબહેન માટે એક મકાન સુધ્ધાં બનાવ્યું નહોતું.' વિશેષમાં તેઓએ નોંધ્યું હતું કે, 'સરદારે જ્યારે ૧૫ ડિસેમ્બર, ૧૯૫૦ના રોજ આ દુનિયા છોડી ત્યારે એમના બેંક બેલેન્સમાં માત્ર રૂપિયા ૨૩૬ હતા.'

એક વખત સરદાર પટેલનો પૌત્ર બિપીન દિલ્હી એક ઈન્ટરવ્યૂ માટે ગયો હતો. દાદા સરદાર પટેલે તેને પૂછ્યું, 'કેમ આવવાનું થયું?' તેણે કહ્યું, 'એક નોકરી માટેનો ઈન્ટરવ્યૂ છે.' વલ્લભભાઈએ તેને એક સૂચના આપી કે, 'સારું, પણ ત્યાં જઈને મારી ઓળખાણ આપીશ નહીં.'

સામાન્ય રીતે માણસ પાસે કોઈ પદવી કે સત્તા આવે ત્યારે તે પોતાના પરિવારજનોને સેટ કરવાના પ્રયત્નો કરવા માંડે છે, પણ સમાજના આગેવાન તરીકે પરિવારરૂપી એક નાના વૃંદની તરફદારી કરવી, તે સમગ્ર સમાજ માટે અન્યાયરૂપ બની રહે છે. સામે પક્ષે જે વ્યક્તિ આવા સમયે નિષ્પક્ષ અને નિર્લેપ રહે છે, તે જ દેશની અને સમાજની સારી સેવા કરી શકે છે.

એક વખત એક હરિભક્તે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને કહ્યું કે, 'દિવાળીબા (સ્વામીશ્રીનાં માતૃશ્રી) પોતે દોઢ કલાક આપણા ગોંડલ મંદિરમાં ઉતારા માટે અહીં-તહીં ફર્યાં. કોઈએ ભાવ ન પૂછ્યો.' સ્વામીશ્રીએ તરત જ વાત કાપી નાંખતાં કહ્યું, 'સમૈયામાં એવું જ હોય.'

એક પરિવારના મટીને સમગ્ર વિશ્વના થયેલા પ્રમુખસ્વામી મહારાજ પોતાના સંન્યાસધર્મને સંપૂર્ણ સમર્પિત રહી લોકકલ્યાણમાં રત રહ્યા હતા. આથી જ તેઓ સૌના વિશ્વાસનું પાત્ર બન્યા હતા. વિશ્વવ્યાપી સંસ્થાના વિશાળ પ્રકલ્પોના સૂત્રધાર રહેલા સ્વામીશ્રીના પૂર્વાશ્રમના પરિવારજનો મધ્યમવર્ગથી નીચેની જ આર્થિક સ્થિતિમાં રહ્યા છે અને આજે પણ રહે છે.

સમાજસેવામાં પ્રવૃત્ત થયેલા માણસ જ્યારે 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ભાવનાને અનુસરે છે ત્યારે જ તેઓ પૂરી ક્ષમતા સાથે સમાજની સેવા કરી શકે છે. સમાજસેવા કરવા માટેનું આ પ્રથમ સોપાન છે.

'સ્વ'ને ત્યજી 'સર્વ'ને આશ્લેષમાં લેનાર મહાપુરુષોને કોટિ કોટિ વંદન...

મોતી ભરડી નાખવાં...

ગાંધીજી માટે એવું કહેવાય છે કે તેઓ ટપાલમાં આવેલા પરબીડિયાની કોરી બાજુનો ઉપયોગ પણ આગ્રહપૂર્વક કરતા. વળી, તેઓ કાંતતાં કાંતતાં એકઠા થતા તૂટેલા સૂતરમાંથી 'પિનકુશન' પણ બનાવતા. એક વખત તેઓએ રવિશંકર મહારાજને પોતાના હાથ ધોવા માટે લીધેલું માટીનું એક મોટું ઢેફું ખેતરમાં પાછું નંખાવી દીધું હતું. તેઓની દલીલ હતી કે, 'હાજતે જઈ આવ્યા પછી હાથ ધોવા માટે જોઈતી માટી માટે કોઈના ખેતરમાંથી આટલા મોટા ઢેફાનો દુર્વ્યય ન કરવો જોઈએ, કારણ કે તે રાષ્ટ્રીય સંપત્તિનો બગાડ કહેવાય.'

એક બાજુ ગાંધીજીના જીવનમાં કરકસરના આવા ઘણા પ્રસંગો જોવા મળે છે, તો બીજી બાજુ એવા પ્રસંગો પણ જોવા મળે છે કે જેમાં તેઓએ ઉદારતાથી પૈસાનો વ્યય કર્યો હોય. એક વખત તેઓ દાર્જીલિંગમાં બીમાર ચિત્તરંજનદાસને જોવા ગયા હતા. ત્યાંથી તેઓને કોઈક કારણોસર સમયસર નવાબગંજ પહોંચવું પડે એમ હતું. આ માટે તેઓએ પાર્વતીપુરથી ગોઆલંદો સુધીની સ્પેશિયલ ટ્રેન કરાવી રૂપિયા ૧,૧૪૦નું ભાડું ચૂકવ્યું હતું. બીજા એક પ્રસંગે ગાંધીજીએ એક સંબંધીની પુત્રીની માંદગીના સમાચાર સાંભળી એની સારવાર માટે સૂચના આપતો ૧૯ રૂપિયાનો તાર કરાવ્યો હતો.



મહાપુરુષોનું જીવન આપણને શીખવે છે કે જ્યાં જરૂર હોય ત્યાં સો ટકા પૈસાનો વ્યય કરીએ, પણ જરૂર વગર પૈસાનો વ્યય ન જ કરવો જોઈએ

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

ગાંધીજીની જેમ લાલ બહાદુર શાસ્ત્રીજીનું જીવન પણ આ બાબતે પ્રેરણાદાયી છે. એક સંમેલનમાં ભાગ લેવા માટે તેઓને લંડન જવાનું હતું. જેમાં ઘણા દેશના વડાપ્રધાનો ભેગા થવાના હતા. એમની પાસે બે જ કોટ હતા. જેમાંથી એકને તો કાણું પડેલું હતું. એમના મિત્ર વેંકટરામણે નવો કોટ સિવડાવવા કહ્યું. શાસ્ત્રીજીએ ના પાડી દીધી. વેંકટરામણે પરાણે દરજીને બોલાવ્યા, તો શાસ્ત્રીજી કહે, 'એક કામ કરો. આ વખતે મારો આ જૂનો કોટ ઊંધો કરી સીવી દો. જો સારો નહીં લાગે તો નવો સિવડાવીશું.' દરજી કોટ રિપેર કરીને લાવ્યો. કોટ જોઈને શાસ્ત્રીજી કહે, 'આપણને પણ ખબર નથી પડતી કે આ રિપેર કરેલો કોટ છે તો સંમેલનમાં બીજાને તો કેવી રીતે ખબર પડવાની છે? માટે આ કોટ ચાલશે.' જેમના હાથે કરોડોના પ્રકલ્પો મંજૂર થતા હોય તે પોતાના કોટ માટે આવી કરકસર કરે એ ખરેખર ખૂબીની વાત કહેવાય.

મહાપુરુષોનું જીવન આપણને શીખવે છે કે જ્યાં જરૂર હોય ત્યાં સો ટકા પૈસાનો વ્યય કરીએ, પણ જરૂર વગર પૈસાનો વ્યય ન જ કરવો જોઈએ. કંજૂસાઈ નથી કરવાની પણ કરકસર અનિવાર્ય છે. મહાપુરુષો સ્વયંનું જીવન સાદાઈથી નિર્વહન કરે છે, પરંતુ જ્યારે જરૂર પડે ત્યારે અન્ય માટે તમામ પ્રકારની વ્યવસ્થા કરે છે. પછી ભલે લાખોનો ખર્ચ થતો હોય.

એક વખત પ્રમુખસ્વામી મહારાજ વડોદરામાં વિરાજમાન હતા. તેઓ જ્યારે પોઢ્યા ત્યારે છત ઉપર જુદી જુદી ઘણી લાઇટો બળતી હતી. તેઓએ હસતાં હસતાં સેવકોને કહ્યું કે, 'ભપકો ભારે.' તેઓના મર્મને કોઈ સમજી ન શક્યું, એટલે સ્પષ્ટતા કરતાં તેઓએ કહ્યું, 'આટલી બધી લાઇટો બળે છે એની શી જરૂર છે?' સેવકોએ જરૂર પૂરતી જ લાઇટો ચાલુ રાખી અને બીજી બંધ કરી દીધી.

ત્યારબાદ સેવક સંતોએ સ્વામીશ્રીના આંખના લેન્સ કાઢ્યા અને પછી ફટાફટ લાઇટો બંધ કરી દીધી. અંધારું થઈ જતાં વળી સ્વામીશ્રીએ પૂછ્યું, 'જે ભક્તો દર્શન માટે આવ્યા હતા એ કક્ષની બહાર નીકળી ગયા?'

સેવકોએ 'હા' પાડી.

સ્વામીશ્રી કહે, 'તો વાંધો નહીં, બાકી અંધારામાં કોઈ અથડાઈ ન પડે એટલે ભક્તો બહાર નીકળે ત્યાં સુધી લાઇટ ચાલુ રાખવી.'

આવો જ એક પ્રસંગ તા. ૨૮/૩/૨૦૦૫ના રોજ સારંગપુરમાં પણ અનુભવાયો. હરિભક્તોને મળીને પ્રમુખસ્વામી મહારાજે પેડ હાથમાં લીધું. તેઓને લંડનનાં બાળકોને સંબોધતો એક પત્ર લખવાનો હતો. સંતોએ A4 સાઇઝનો મોટો કાગળ સ્વામીશ્રી સમક્ષ ધર્યો. સ્વામીશ્રીએ તરત જ કહ્યું કે, 'થોડું લખવું છે અને આવડા મોટા કાગળની શું જરૂર છે?'

સંતો કહે, 'કાગળ મોટો હોય તો પછીથી સચવાયને! નાનો હોય તો ખોવાઈ જાય અને વળી કાગળ ફ્રેમ કરાવવો હોય તો પણ મોટો હોય તો સારું પડે.' આ સાંભળતાં જ સ્વામીશ્રી કહે કે, 'નાનાથી ચાલતું હોય તો મોટું શું કામ બગાડવું?' સ્વામીશ્રીએ નાનો પત્ર મંગાવ્યો અને એના ઉપર લખાણ કર્યું.

સમાજસેવા માટે સંસ્થા દ્વારા કરોડો રૂપિયા ખરચનારા આ મહાપુરુષ પોતાના માટે અત્યંત સાદાઈ રાખતા અને કરકસરપૂર્ણ જીવન જીવતા. તેઓનું માનવું હતું કે, ટાણે મોતી ભરડી નાંખવાં પણ જરૂર ન હોય ત્યારે તો કરકસર અનિવાર્ય છે.

સાચી માવજત

'શું આપણે આપણા જીવનમાં આપણાં લોકોની પ્રશંસાને ક્યારેય અગ્ર ક્રમ આપ્યો છે? ૨૫ વર્ષથી લગ્ન થયા હોય પણ આપણે એક વખત પણ આપણી પત્નીને કહ્યું છે કે, 'આજે સરસ કઢી બનાવી છે.'

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

એક બાળક સ્કોટલેન્ડની એક નાની શાળાના ખૂણામાં હંમેશા બેસી રહેતો. ઘરમાં પણ એ બાળક પોતાની એક અલગ દુનિયામાં રહેતો હતો. એક પ્રસિદ્ધ કવિ રોબર્ટ બર્ન્સ તેના ઘરે ગયા. ત્યાં એક છત્રી નીચે એક નાની કવિતા લખી હતી. બર્ન્સે આ કવિતા વાંચી પૂછ્યું કે, 'આ કોણે લખી છે?' ધીમે રહીને આ બાળકે કહ્યું કે, 'મેં લખી છે.' બર્ન્સે આ બાળક સહજતાથી કહ્યું, 'તમે સ્કોટલેન્ડ પ્રદેશમાં મોટા માણસ થશો.' આ વાત સાંભળીને બાળકમાં આત્મવિશ્વાસ આવી ગયો અને આગળ જતાં તે ખરેખર એક મોટા કવિ થઈ ગયા. નામ હતું વોલ્ટર સ્કોટ.

અબ્રાહમ લિંકનની વાત પણ આવી જ છે. તેઓની માતાએ મરતી વખતે તેમને પાસે બોલાવીને કહ્યું હતું કે, 'બેટા, તું હજી બાળક છે, પણ તારી શક્તિઓ જોતાં મને લાગે છે કે તું મહાન બનીશ.' આ શબ્દોએ લિંકનને મહાન બનવાની પ્રેરણા આપી.

આથી જ કોઈ લેખકે કહ્યું કે,

'શબ્દે માર્યા ડરી ગયા, શબ્દે છોડ્યા રાજ;
જેણે શબ્દ વિચાર્યા, તેના સર્યા કાજ.'

શબ્દોની તાકાત ગજબની છે. તે મરતા માણસને બેઠો પણ કરી શકે અને જીવતા માણસને મારી પણ શકે. આપણને ખ્યાલ નથી આવતો પણ પ્રશંસાના બે શબ્દો પણ સામેવાળી વ્યક્તિમાં ખરેખરું જોમ પ્રેરી દે છે.

૨૦૦૧માં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ સારંગપુરમાં વિરાજમાન હતા. અહીં સંત તાલીમ કેન્દ્રમાં શિક્ષણ પ્રાપ્ત કરનાર એક વર્ગના સંતો ભગવદ્ગીતાનો અભ્યાસ કરતા હતા. આયોજન એવું ગોઠવાયું હતું કે સ્વામીશ્રી જ્યારે ભોજન ગ્રહણ કરે ત્યારે આ વર્ગના સંતો ગીતાના જુદા જુદા વિષયો ઉપર પ્રવચન પ્રસ્તુત કરે. નિત્ય ક્રમ એવો થતો એક બાજુ સ્વામીશ્રીનું પ્રવચન પૂરું થાય અને બીજી બાજુ વક્તા સંતનું પ્રવચન પૂર્ણ થાય. વક્તવ્ય પૂર્ણ થતાં તે સંત સ્વામીશ્રી પાસે આશીર્વાદ મેળવવા જાય અને પછી સ્વામીશ્રી પણ તે સંતે રજૂ કરેલ પ્રવચનમાંથી સારા મુદ્દા યાદ કરી રાજીપો દર્શાવે. પરંતુ, એક સમયે એક સંતનું પ્રવચન સમય મર્યાદા કરતા થોડું લાંબુ ચાલ્યું. આ બાજુ સ્વામીશ્રીનું ભોજન પૂર્ણ થયું અને ત્યાં જ અગત્યની મિટીંગ કરવા માટે કેટલાક વરિષ્ઠ સંતો સ્વામીશ્રીને વીંટળાઈ વળ્યા. આથી પ્રવચન કરનાર સંત જ્યારે પ્રવચન પૂરું કરીને સ્વામીશ્રી પાસે ગયા ત્યારે સ્વામીશ્રી મિટીંગમાં પરોવાયેલા હોવાથી તેઓને મળી ન શક્યા.

પછી તો મિટીંગ પૂર્ણ થઈ અને સ્વામીશ્રી શયન માટે શય્યા પર વિરાજ્યા. ત્યાં જ તેઓએ સેવક સંતોને કહ્યું કે, 'પેલા પ્રવચન કરનાર સંતને બોલાવો!' કક્ષની લાઈટો પણ બંધ થઈ ગઈ હતી છતાં સ્વામીશ્રીએ આવો આદેશ આપ્યો એટલે સેવક સંતોને થયું કે કંઈક અગત્યનું કામ હશે. પેલા સંતને સમાચાર મળતાં તેઓએ સ્વામીશ્રીના કક્ષ પાસે દોડી પહોંચ્યા. ધીમા પગલે તેઓ સ્વામીશ્રી પાસે પહોંચ્યા તો સ્વામીશ્રી તેઓને કહે કે, 'આજે તમે ખૂબ સુંદર પ્રવચન કર્યું.' પેલા સંતનો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા.

પ્રમુખસ્વામી મહારાજ આટલી વિશાળ સંસ્થાનું વહન કરવા છતાં એમાં પાંગરતી નાની નાની કળીઓની પણ આવી દરકાર રાખતા.

શું આપણે આપણા જીવનમાં પ્રશંસાને ક્યારેય અગ્ર ક્રમ આપ્યો છે? ૨૫ વર્ષથી લગ્ન થયા હોય પણ આપણે એક વખત પણ આપણી પત્નીને કહ્યું છે કે, 'આજે સરસ કઢી બનાવી છે.'

એક વખત પણ આપણા સંતાનને કહ્યું છે કે, 'તું ક્રિકેટ સારું રમે છે.'

એક વખત પણ માતાપિતાને કહ્યું છે કે, 'આપે મારી ખૂબ સંભાળ લીધી છે.'

મોટે ભાગે આપણે આપણી રોજનીશીમાં એટલા બધા ડૂબેલા હોઈએ છીએ કે આપણને આવી અગત્યની બાબતો પણ ધ્યાનમાં નથી આવતી. પણ સમય કાઢીને પણ આપણે આ બાબતનો વિચાર કરવા જેવો તો છે જ. કારણકે આપણે પરિવારના સભ્યો ભલે રોજ ઝઘડતા હોઈએ પણ એક વાત પણ નક્કી છે કે એક બીજા વગર ચાલતું પણ નથી અને એકબીજા વગર ગમતું પણ નથી. ભગવાને આપેલા આ સંબંધોની માવજત કરવી તો આપણા જ હાથમાં છે ને! તો શું કામ એ માવજત કરવાના અનેક આયામો પૈકીનું આ પ્રશંસારૂપી સાધન આપણે ન પ્રયોજયે?

પ્રશંસા કરવામાં કંજૂસાઈ કરવાથી આપણે શેની બચત કરી શકીશું? અને એમાં ઉદારતા દાખવવાથી શેનો વ્યય કરી બેસીશું? આ વિચારવા જેવી બાબત છે. પ્રશંસા ન કરવી એ પણ એક પ્રકારનો અહમ જ છે.

વિચારની શક્તિ



આ બે મિત્રોએ એ રાત્રે પેરિસની હોટલમાં ટેક્સીની રાહ જોતાં જોતાં જે વિચારો કર્યા, તેમાંથી એક અબજો ડોલરની કંપનીનો જન્મ થયો. આપણે એની જગ્યાએ બેઠા હોત તો મોબાઈલમાં સમય બગાડ્યો હોત

+ વાઈબ્સ
ડો. જ્ઞાનવત્સલ સ્વામી

બે અમેરિકન મિત્રો ૨૦૦૮માં પેરિસ શહેરમાં એક હોટલમાં આયોજિત ટેક-કોન્ફરન્સમાં ગયા. કોન્ફરન્સ પૂર્ણ થયા બાદ લગભગ સાડા નવ વાગે હોટલના લોન્જમાં આવ્યા ત્યારે ખબર પડી કે બહાર તો સખત હિમવર્ષા થઈ રહી છે. તેમણે જોયું કે લગભગ ૪૦-૪૫ માણસો ટેક્સીની રાહ જોઈને ઊભા હતા. પંદર વીસ મિનિટે એકાદ ટેક્સી માંડ આવતી, કારણકે એ રોડ ઉપર ઘણી હોટેલ અને રેસ્ટોરન્ટ હતી, એટલે શેરીમાં નવી ટેક્સી આવે કે તરત જ ભરાઈ હતી. આ બે મિત્રોને બે-અઢી કલાક પછી ટેક્સી મળે તેમ હતું. એટલે તેઓ ત્યાં રાહ જોતા બેઠા.

તેઓએ નોંધ્યું કે લોકો કંટાળ્યા હતા. રાહ જોવી એ ખૂબ જ કંટાળાજનક કામ છે. પરંતુ આ બે મિત્રોને લેશમાત્ર કંટાળો નહોતો. કારણકે તેમના મનમાં કંઈક નવું કરવાનો વિચારો, કંઈક સારું કરવાના વિચારો સતત ચાલુ હતા. તેના મનમાં સર્જનાત્મક વિચારોનો વંટોળ ઉમટ્યો હતો, 'આ રીતે રાહ જોવામાં લોકોનો કેટલો બધો સમય બગડતો હશે. ટેક્સીમાં સફર કરનારાઓની સંખ્યા લાખોમાં હશે. એટલે રોજના લાખો માનવકલાક રાહ જોવામાં વેડફાઈ જાય છે. શું આપણે એવી કોઈ એપ બનાવી શકીએ કે જે જેમાં કસ્ટમર પોતે જ ટેક્સી બોલાવી શકે અને એને નીકળવું હોય એની પંદર મિનિટ પહેલા બુક કરે તો એને સમયે ટેક્સી મળી જાય અને ટાઈમ ન બગડે? અત્યારે તો ઠીક છે. પરંતુ, દિવસ દરમિયાન લોકોને ખરીદી હોય, ઓફિસની આવનજાવન હોય, કામધંધા માટે જવું હોય, તો કેટલી બધી તકલીફ પડતી જ હશે?' આ વિચારના પરિપાકરૂપે એમણે એક મોબાઈલ એપ્લિકેશન બનાવી. પહેલાં ન્યૂયોર્કમાં ત્રણ ટેક્સીથી ટેસ્ટીંગ કર્યું. ત્યારબાદ દસ અને પછી પચ્ચીસ...એમ કરતાં કરતાં લાખો લોકો એપ વાપરતા થયા. આજે વિશ્વના ૬૬ દેશોના ૩૦ લાખ લોકો રોજ આ એપ દ્વારા ટેક્સી બોલાવે છે. વાત છે Uber ટેક્સીની. જેમને આ વિચાર આવેલો એ હતા Uberના ફાઉન્ડર્સ ટ્રાવિસ કેલેનિક તથા ગેરેટ કેમ્પ.

આ બે મિત્રોએ એ રાત્રે પેરિસની હોટલમાં ટેક્સીની રાહ જોતાં જોતાં જે વિચારો કર્યા, તેમાંથી એક અબજો ડોલરની કંપનીનો જન્મ થયો. આપણે એની જગ્યાએ બેઠા હોત તો મોબાઈલ લઈને બેસી જઈએ.

વિચારમાં પ્રચંડ શક્તિ રહેલી છે. નકારાત્મક વિચારો માણસને નિરાશાની ઊંડી ખાઈમાં ધકેલી દે છે, જ્યારે સર્જનાત્મક વિચારો માણસને સફળતાના શિખરો સર કરાવે છે. મોળા વિચારો માણસને માનસિક રીતે વિકલાંગ બનાવી દે છે, જ્યારે તંદુરસ્ત વિચારો તેને ઊર્જાથી પરિપૂર્ણ રાખે છે.

આઈન્સ્ટાઈને વિજ્ઞાનના ક્ષેત્રમાં અભૂતપૂર્વ કાર્ય કર્યું એના મૂળમાં હતો બાળપણમાં અંકુરિત થયેલો એક વિચાર. તુકારામજી અને નરસિંહ મહેતા જેવા ભક્તો વિપરીત પરિસ્થિતિમાં પણ સુખી રહી શક્યા એના મૂળમાં પણ છે તેઓના સમૃદ્ધ વિચાર. માટે સારા વિચારોનું વાવેતર ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

પરિસ્થિતિની વિપરીતતા ચરમસીમાએ હોય છતાં જો વિચાર સારા હોય તો માણસ આનંદિત રહી શકે. એથી ઉલટું પરિસ્થિતિ બધી રીતે સાનુકૂળ હોય પણ જો વિચારો અવળા હોય તો તેમાંય માણસ દુઃખી બની જાય.

માટે હંમેશાં સવળા વિચારો કરવા. સર્જનાત્મક વિચારો કરવા. ભગવાન સ્વામિનારાયણે પણ વચનામૃત ગ્રંથમાં આ વાત કરતા કહ્યું છે કે હંમેશા સવળા વિચારોને ગ્રહણ કરવા અને અવળા વિચારોનો ત્યાગ કરવો. કારણકે આપણા વિકાસનો અને આપણી પ્રગતિનો આધાર આપણા વિચારો જ છે.

જાપાનીઝ કાર્પ માછલીની એક અદ્ભુત વિશેષતા છે. જો તેને નાના કટોરામાં રાખવામાં આવે તો તે બે થી ત્રણ ઈંચની જેટલી જ વિકાસ પામશે. પણ મોટી ટાંકીમાં મૂક્વામાં આવે તો દસેક ઈંચ સુધી વિકાસ પામશે. પરંતુ, મોટા તળાવમાં મૂકતા તે ત્રણ ફૂટ જેટલી વિકાસ પામશે. આપણું પણ આવું જ છે. આપણી દુનિયા કેવડી છે તેના પર આપણો વિકાસ નિર્ભર છે. સંકુચિત વિચારો આપણા વિકાસને રૂંધે છે. અને સવળા, સકારાત્મક વિચારો આપણને સુખ અને સમૃદ્ધિ આપે છે. માટે જ ઋગ્વેદમાં કહ્યું છે કે 'આ નો ભદ્રાઃ ક્તવો યન્તુ વિશ્વતઃ' અર્થાત બધી જ દિશાઓમાંથી મને શુભ વિચારો પ્રાપ્ત થાય.

તો ચાલો એવો પ્રયત્ન કરીએ, એવું વાંચીએ, એવું સાંભળીએ, એવું જોઈએ કે જે આપણામાં શુભ વિચારોનો સંચાર કરે અને આપણને અશુભ વિચારોથી દૂર રાખે. જો એટલું કરી શક્યા તો જીવન-સાર્થક્યની સાચી દિશા અવશ્ય હાથ આવશે.

૧૫ મિનિટ પોતાની જાત સાથે

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી



એક સુંદર ડાયરી અને પેન લઈને એકાંતમાં નિશ્ચિત સમયે બેસીએ. ૪ વસ્તુની નોંધ કરીએ. what am i grateful for? what can I improve? Tomorrow's tentative plan and prayer

એક કઠિયારો દરરોજ વહેલી સવારે ઊઠે. સૂર્ય ક્ષિતિજે આવે તે પહેલાં કુહાડી લઈને જંગલમાં પહોંચી જાય. વહેલી સવારથી લાકડાં કાપવાની શરૂઆત કરે તે સૂર્યાસ્ત સુધી. કાળી મજૂરી કરે પણ તોય ગરીબી જાય નહીં. તેણે એક સંત-મહાત્મા પાસે પોતાની વ્યથા વ્યક્ત કરી. આ દારુણ ગરીબીમાંથી ઉગારવાનો ઉપાય માંગ્યો. મહાત્માએ એક સોનેરી સલાહ આપી જેનાથી કઠિયારાના જીવનની કરવટ બદલાઈ ગઈ. કઠિયારાને સંતે જે સૂચન કર્યું તે જો આપણા જીવનમાં અમલમાં મૂકીએ તો આપણી જિંદગીની કરવટ પણ બદલાઈ શકે તેમ છે. મહાત્માએ એટલું જ કહ્યું હતું કે તું રોજ રાત્રે તારી કુહાડીની ધાર કાઢવાનું શરૂ કરી દે. સામાન્ય લાગતી બાબત છે. ક્યારેક એમ લાગે કે, 'લે! કઠિયારાને એટલી તો ખબર પડવી જોઈએ ને!' 'એમાં શું નવી વાત કરી' પણ આ સહજ લાગતું સત્ય આપણી સડસડાટ દોડતી જિંદગીમાં એટલું સહજ નથી. એ કઠિયારાની જેમ આપણે પણ મહેનત કરી છીએ. સમય-શક્તિનું ઈન્વેસ્ટમેન્ટ કરીએ છીએ. ક્યારેક આપણને પણ એવો વિચાર આવી જાય છે કે હું જે પ્રમાણમાં પુરુષાર્થ કરું છું તે પ્રમાણે મને વળતર મળતું નથી. તો જરૂર છે આપણી કુહાડીની ધાર કાઢવાની. સ્વયં સાથે સંવાદ કરી જીવનને નિખારવાની. પદ-પ્રતિષ્ઠા-પૈસાની દોડમાં આપણે પોતાની જાત સાથે બેસવાનું ભૂલી તો નથી ગયા ને! તમે ક્યારેક તમારા ખુદના નંબર પર કોલ કરી જોજો, સામેથી જીવનની વાસ્તવિકતા સંભળાશે, 'તમારા દ્વારા ડાયલ કરવામાં આવેલ નંબર હમણાં વ્યસ્ત છે.' વ્યસ્ત રહેવામાં આપણે જીવનનો આનંદ લેવાનું કે પોતાની જાતને વધુ બહેતર બનાવવાનું જ ભૂલી જઈએ તો તે વ્યસ્તતા શા કામની? એવી વ્યસ્તતા તો મજૂરથી માંડીને પશુઓની પણ હોય છે. તો પછી ભગવાને આપણને બુદ્ધિ આપીને ખારભૂમિમાં બીજ વાવ્યું કે શું! ભગવાન સ્વામિનારાયણ પોતાની પરવાણીના ગ્રંથ વચનામૃતમાં કહે છે કે બાહ્યદૃષ્ટિએ કરીને પદાર્થને જોયા કરે છે, પણ જોનારો પોતે પોતાને નથી જોતો એ જ અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે. આવો, આપણે પોતાના જીવનને વધુ સમૃદ્ધ બનાવવા આપણા ૨૪ કલાકમાંથી માત્ર ૧૫ મિનિટ પોતાની જાતને આપીએ.

પણ તેમાં કરવાનું શું? પ્રથમ 'ઉત્સાહાદ્ આદારાત્ કુર્યાત્' ઉત્સાહથી પ્રારંભ કરીએ. જેમ નવી દુકાન કે નવા ધંધાની શરૂઆત કેવા ઉત્સાહથી કરીએ છીએ, તેમ આ ટેવનો પણ પ્રારંભ વિશ્વાસ અને ઉમંગથી કરીએ! એક સુંદર ડાયરી અને પેન લઈને એકાંતમાં નિશ્ચિત સમયે બેસીએ. ૪ વસ્તુની નોંધ કરીએ. what am i grateful for? આજના દિવસમાં એવી કઈ ઘટનાઓમાંથી હું પસાર થયો કે જેના માટે હું ધન્યતા અનુભવું છું? what can I improve? આજના દિવસમાં બનેલા પ્રસંગોમાં મારે ક્યાં સુધારો કરવો જોઈએ? Tomorrow's tentative plan આવતી કાલ માટેનું આયોજન અને prayer - લેખિત પ્રાર્થના. સાધારણ જણાતી આ ચાર બાબતો જો સાતત્યતાપૂર્વક કરવામાં આવે તો ખાતરીપૂર્વક આ એક ટેવ આપણા જીવનમાં ટર્નિંગ પોઈન્ટ બની શકે તેમ છે.

બેન અમાના-BOXROW કંપનીના CEO અને ફાઉન્ડર. ઓક્સફર્ડ યુનિવર્સિટીમાંથી ભણેલ આ યુવાનને Great British Entrepreneur Award' દ્વારા 'Young Entrepreneur of the year'નો એવોર્ડ પ્રાપ્ત થયો. જે યુવાનને જીવનના ૩ દાયકા પણ પૂરા થયા નથી અને તે UKની ૧૩માં નંબરની ફાસ્ટેસ્ટ ગ્રોઈંગ કંપની ચલાવી રહ્યો છે. ૨૦૨૧માં તેની કંપનીનું રેવન્યુ ૬ મિલિયન પાઉન્ડનું હતું. પોતાની સફળતાનું રહસ્ય જણાવતાં તે કહે છે કે, હું દરરોજ મારી જર્નલમાં સવારે ૩ વસ્તુ લખું છું: ૧. ત્રણ એવી બાબતો કે જેના માટે હું 'ગ્રેટફુલ' છું. ૨. ત્રણ એવાં કાર્યો કે જે મારે આજના દિવસમાં મુખ્ય કરવાના છે. ૩. મેં કરેલ ત્રણ સારી બાબતો જેના માટે હું પોતાને અભિનંદન આપું છું અને રાત્રે હું આ ડાયરીમાંથી પસાર થઉં છું. આ ટેવ મારા જીવનને ખૂબ શિસ્તસભર રાખે છે.

રોજ આવી નોંધ કરવાથી એક જીવનશૈલી ઘડાય છે. જે જીવનમાં બનતી સારી ઘટનાઓ માટે આપણને જાગૃત કરે છે. આપણી આંખો ખોલે છે, સારું જોવા માટે. જેથી જિંદગી વધુ જીવવા જેવી લાગે છે. આવતી કાલના દિવસને આપણી ઈચ્છા અનુસાર આકાર આપે છે. ખરેખર, દરરોજની ૧૫ મિનિટ જીવનમાં નવા રંગો ભરી દેશે.